

જ્યાં સુધી તું સંયોગમાં, રાગમાં, પુણ્યમાં, પાપમાં, નિમિત્તમાં કે વ્યવહારમાં ક્યાંય પણ પ્રભુતા સ્થાપીશ — મોટપ માનીશ ત્યાં સુધી આત્મા હાથ નહિ આવે માટે અંતરમાં તારી પ્રભુતાનો સ્વીકાર કર ! હું જ પરમેશ્વર છું એમ પહેલાં નક્કી કર ! વિશ્વાસ લાવ !

—સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૪ સં. ૨૦૫૦ (૬૦૯) * આત્મધર્મ * (અંક-૧ વર્ષ-૫૧) વીર સં. ૨૫૨૦ જુલાઈ, ૧૯૯૪

[ તા. ૧૯-૮-૯૪ થી તા. ૨૩-૮-૯૪ ]

સુરેન્દ્રનગરનિવાસી શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ-પરિવાર દ્વારા

કહાનગુરુ-અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ઉજવવામાં આવશે

# ૮૧ મો બહેનશ્રી-ચંપાબહેન-જન્મોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહિત જણાવવાનું કે—

ક્રમબદ્ધ જેવા અતિ માર્મિક સિદ્ધાંતના હાર્દ પ્રકાશક, નિશ્ચય-વ્યવહાર અને ઉપાદાન-નિમિત્તનું સ્વરૂપ સમજાવનાર, પુરુષાર્થની પ્રેરણામૂર્તિ, અધ્યાત્મયુગપ્રવર્તક, મુમુક્ષુ સમાજના પરમ તારણહાર, અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપકાર-મહિમાનું જીવનભર સ્મરણ કરનાર અને સ્મરણ કરાવનાર ભક્તશિરોમણિ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૧મી મંગલ જન્મજયંતી ( શ્રાવણ વદ બીજ ) સુરેન્દ્રનગર નિવાસી શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ ( હસ્તે શ્રીમતી પુષ્પાબેન રસિકલાલ શાહ ) તરફથી ભક્તિભાવપૂર્વક અતિ આનંદોલ્લાસ સહ સુવર્ણપુરીમાં ઉજવવામાં આવશે. જન્મ-જયંતીનો આ મંગલ મહોત્સવ શુક્રવાર, તા. ૧૯-૮-૯૪થી શ્રાવણ વદ બીજ, મંગળવાર, તા. ૨૩-૮-૯૪ —પાંચ દિવસ સુધી 'શ્રી ચોંસઠઋદ્ધિ મંડલ વિધાન પૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસપૂર્ણ ટેપ-પ્રવચન, બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા પૂજાભક્તિ, પુરુષો માટેનો શિક્ષણવર્ગ, યાત્રાની વિડિયો દ્વારા કહાનગુરુદર્શન તેમ જ અન્ય આહ્લાદકારી રોચક કાર્યક્રમપૂર્વક ઉજવામાં આવશે.

પૂજ્ય બહેનશ્રીના આ મંગલમય જન્મોત્સવનો અનુપમ લાભ લેવા પધારવા મુમુક્ષુસમાજને શ્રી રસિકલાલ જે. શાહ તરફથી હાર્દિક નિમંત્રણ છે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

કહાન
સંવત-૧૪
વર્ષ-૫૧
અંક-૧
[ ૬૦૯ ]




વીર
સંવત
૨૫૨૦
સં. ૨૦૫૦
JULY
A. D. 1994

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર


## □ જીવને ઠેર ઠેર ઠગાવાના સ્થાનો □

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૫૦ )

આ શ્રી પરમાત્મપ્રકાશ ગ્રંથ છે. તેના પ્રથમ અધિકારની ૬૯મી ગાથા લઈએ છીએ.

યોગીન્દ્રદેવ કહે છે કે, નિશ્ચયનયથી જીવને જન્મ, જરા, મરણ, રોગ, લિંગ, વર્ણ અને સંજ્ઞા નથી. આત્મા આ સર્વ વિકારોથી રહિત છે.

अत्थि ण उब्भउ जर–मरणु रोय वि लिंग वि वण्ण ।
णियमि अप्पु वियाणि तुहुँ जीवहँ एक्क वि सण्ण ॥ ६९ ॥

હે જીવ આત્મારામ! જીવને જન્મ નથી એમ જાણ. આત્મા તો જ્ઞાનાનંદસ્વરૂપ છે તેને જન્મ ન હોઈ શકે. જન્મને મારો માનવાવાળો મિથ્યાત્વભાવ આત્માના સ્વભાવને રૂંધીને ઊભો થાય છે. જીવને બુઢાપો–વૃદ્ધાવસ્થા પણ ન હોય. જે એમ માને છે કે હું બાળક, યુવાન કે વૃદ્ધ છું તેને આત્માના સ્વરૂપની ખબર જ નથી. એ અવસ્થા તો જડની છે, તેને પોતાની માને છે તેને ધર્મ થતો નથી. 'હું જ્ઞાનાનંદ આત્મા છું' એવું પર્યાયમાં અનુભવવું તે ધર્મ છે.

ધ્રુવ ચિદાનંદ આત્માને મરણ પણ કેવું! મરણ તો દેહની એક સ્થિતિ છે. તેને પોતાનું જ મરણ માને છે તે જ્ઞાનાનંદસ્વરૂપ નિજાત્માને જાણતો નથી. આત્મા

તો મરણ રહિત ત્રિકાળ સત્ ચિદાનંદસ્વરૂપ છે, સિદ્ધ સમાન છે એમ નહિ જાણતાં પોતાનું મરણ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. મરણ તો દેહની સ્થિતિ પૂરી થવાની એક અવસ્થા છે.

મને રોગ છે એમ માનનારને આત્માના સ્વરૂપની ખબર નથી. રોગ પણ દેહની એક અવસ્થા છે એમ નહિ જાણતા અજ્ઞાની મને રોગ છે...રોગ છે એમ કરીને દુઃખી થાય છે. મને જન્મ, મરણ, વૃદ્ધાવસ્થા, રોગાદિ છે એમ માનનાર અસત્દષ્ટિ-પાપદષ્ટિ-મિથ્યાદષ્ટિ છે. આત્મા તો જ્ઞાનાનંદ સત્ ચિદાનંદસ્વરૂપ શાશ્વત ચૈતન્યમૂર્તિ છે તેને થાક પણ ન લાગે. મને થાક લાગે છે, મને રોગ છે, મને વૃદ્ધાવસ્થા છે એવી માન્યતા તે ભ્રમણા છે—અજ્ઞાન છે.

ચિહ્ન એટલે આકાર. શરીરના સ્ત્રી, પુરુષ આદિ ચિહ્નો આત્માને નથી. હું સ્ત્રી છું અથવા હું પુરુષ છું એમ માનનાર મૂઢ છે, પાપી છે, મિથ્યાદષ્ટિ છે. શરીરના લિંગનો આકાર તો જડનો છે. આત્મામાં સ્ત્રીલિંગ કે પુરુષલિંગ નથી. હું પુરુષ છું તેમ બતાવવાનો ભાવ તે મિથ્યાત્વભાવ છે, પાખંડ છે, ભ્રમ છે. પોતે અતીન્દ્રિય આનંદની મૂર્તિ હોવા છતાં પોતાને પુરુષ માને છે અને મનાવે છે તે અજ્ઞાનભાવ છે. હું રૂપાળો છું અથવા હું કાળો છું એમ વર્ણવાળો પોતાને માને છે તે પણ મિથ્યાત્વ અને અજ્ઞાન છે.

આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા અને મૈથુનસંજ્ઞા એ પણ આત્માનું સ્વરૂપ નથી. આહારની ઇચ્છાવાળો આત્મા નથી. ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે તેને ભયસંજ્ઞા ન હોય. હું ભયવાળો છું એમ માનનારને જ્ઞાનસ્વરૂપની શ્રદ્ધા નથી. મૈથુનસંજ્ઞા પણ આત્માનું સ્વરૂપ નથી છતાં પોતાને મૈથુનસંજ્ઞાવાળો માનવો અને તેનાથી પોતાપણું મનાવવું તે અજ્ઞાન છે. પરિગ્રહસંજ્ઞામાં પોતાને ધનાદિવાળો માને છે. આત્મદ્રવ્યમાં બીજું દ્રવ્ય હોય જ નહિ એમ નહિ જાણતો તે પોતાને લક્ષ્મીવાળો માને છે. તે મિથ્યાદષ્ટિ છે. હું તો જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા સિદ્ધ સમાન છું એમ જાણતો નથી અને લક્ષ્મીવાળો માને છે. તે મિથ્યાદષ્ટિ છે હું મમત્વસંજ્ઞાવાળો છું એમ માને છે તે પણ પોતાને વિકારી માનતો મિથ્યાદષ્ટિ છે.

ભગવાન સર્વજ્ઞદેવે જેને આત્મા કહ્યો છે તે આત્મામાં આવા જન્મ, જરા, મરણ, રોગાદિ કાંઈ નથી છતાં પોતાને જન્મ-મરણાદિવાળો માનવો અને તેનાથી પોતાની અધિકાઈ માનવી તે મિથ્યાદષ્ટિ છે. સર્વજ્ઞ તીર્થંકરદેવ ફરમાવે છે કે, તું નિશ્ચયથી જાણ કે તારા ચિદાનંદ આત્મામાં આ કાંઈ નથી.

ભાવાર્થ :— વીતરાગ નિર્વિકલ્પસમાધિથી વિપરીત એટલે વીતરાગ નિર્દોષ સહજાનંદ સ્વરૂપ વસ્તુ તે આત્મા છે તેની રાગરહિત શ્રદ્ધા, રાગરહિત જ્ઞાન અને રાગરહિત સ્થિરતાથી જે શાંતિ અનુભવાય તેનાથી ઉલટાં પરિણામ—જે ક્રોધ, માન, માયા, લોભાદિ વિભાવ પરિણામ થાય છે તેનાથી કર્મો બંધાય છે અને તેના ઉદયથી જન્મ, મરણ, રોગ આદિ અનેક વિકાર ઉપજે છે તે ખરેખર શુદ્ધનિશ્ચયનયથી જીવના નથી. કેમ કે, નિશ્ચયનયથી આત્મા કેવલજ્ઞાનાદિ અનંતગુણોથી પૂર્ણ છે.

નવ તત્ત્વ છે ને ! તેમાં આત્મતત્ત્વ કોને કહેવું ?—એકલો શુદ્ધ જ્ઞાનાનંદમૂર્તિ તે આત્મતત્ત્વ છે. તેની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિથી નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થાય છે તે સંવર અને નિર્જરાતત્ત્વ છે. આ સંવર-નિર્જરા આત્માને લક્ષે થાય છે તેનાથી વિપરીત ક્રોધ, માન, માય, લોભાદિ પરિણામ થાય છે તે આસ્રવ અને બંધતત્ત્વ છે તે પરના લક્ષે થાય છે. સ્વાભાવિક ભાવથી તે ભાવો ઉલટાં જ છે, તેનાથી જીવની સાથે કર્મોનું બંધન થાય છે અને એ કર્મોનો ઉદય આવે તેનાથી જન્મ, મરણ આદિ દોષ ઊભાં થાય છે.

નવ તત્ત્વને નવપણે જાણવા જોઈએ ને ! શુદ્ધ જ્ઞાનાનંદની મૂર્તિ આત્મા તે જીવતત્ત્વ છે. એવા આત્માને લક્ષે થયેલી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ અને શુદ્ધોપયોગ તે સંવર અને નિર્જરાતત્ત્વ છે અને સ્વનું લક્ષ નહિ કરતાં તેનાથી વિપરીત પરનું લક્ષ કરે છે તો પુણ્ય-પાપરૂપ શુભ-અશુભભાવ થાય છે તે આસ્રવતત્ત્વ છે. આ આસ્રવથી જે કર્મ ઉત્પન્ન થાય છે તે જડ છે માટે તે અજીવતત્ત્વ છે. એ અજીવતત્ત્વથી જન્મ-મરણ આદિ ઊભા થાય છે માટે, વસ્તુના સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો જીવવસ્તુમાં આ જન્મ-મરણાદિ કોઈ ભાવો નથી. આબાળ-ગોપાળાદિ સર્વ જીવ એ ભાવથી રહિત છે. છતાં એ ભાવને પોતાના માનવા તે મિથ્યાત્વભાવ છે.

આત્મા તો તેને કહીએ કે જેમાં નિત્ય આનંદ જ રહે છે. આત્મામાં કાયમ અતીન્દ્રિય આનંદ રહે છે. એવા આનંદસ્વભાવીની દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતાથી જે શુદ્ધોપયોગ થાય છે તે સંવર-નિર્જરાતત્ત્વ છે. એવું સંવર-નિર્જરા તત્ત્વ તારે ઉત્પન્ન કરવા લાયક છે તેના બદલે પરનો પ્રેમ કરીને પરના લક્ષે તું શુભ-અશુભભાવને ઉત્પન્ન કરે છે તે આસ્રવતત્ત્વ છે, તેનાથી તો કર્મોનું બંધન થાય છે. અજીવતત્ત્વનો બંધ થાય છે. તેનાથી આ જન્મ-મરણ, રોગ, શોક, ભય આદિ ઉત્પન્ન થાય છે. પુરુષલિંગ, સ્ત્રીલિંગ, ચાર પ્રકારની સંજ્ઞા આદિ પણ તેનાથી ઉત્પન્ન થયા છે, તેને આત્માના માનવા તે મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે.

આ નવ તત્ત્વની મર્યાદા છે, તેની ખબર વગર ધર્મ ન થાય ભાઈ! નિજ શુદ્ધાત્મભગવાનનું વીતરાગી પરિણતી દ્વારા ધ્યાન કરવું તે ધર્મ છે. તેનું ધ્યાન ન કરતાં પરના લક્ષના ધ્યાનમાં જે શુભ-અશુભભાવ થાય છે તે આત્માના ધ્યાનથી વિપરીત એવા આર્ત અને રૌદ્રધ્યાન છે. એવા ધ્યાનથી જડકર્મો બંધાય છે તે અજીવ-તત્ત્વ છે તેનાથી જન્મ-મરણ, લિંગાદિ થાય છે તે કર્મના કારણે થાય છે તે જીવનો સ્વભાવ નથી. બે શબ્દ બોલતાં આવડે તેમાં અધિકતા થઈ જાય છે એ બધાં મિથ્યાત્વના લક્ષણ છે. કેમ કે એ તો રાગની મંદતાથી થયેલો ક્ષયોપશમ છે તેનાથી પોતાની મોટાઈ માને છે તેને પોતાના સ્વભાવની ખબર જ નથી. હું અખંડાનંદ પરમાત્મા છું એવી તેને પ્રતિતી નથી.

અજ્ઞાનીએ દયા, દાનાદિ પરિણામથી પોતાની અધિકતા માની છે તેથી એ ભાવ વડે બીજાને પણ પોતાની અધિકતા બતાવે છે એ બધાં મિથ્યાદૃષ્ટિના લક્ષણ છે. 'આત્મા શું વસ્તુ છે' એ વાત વાસ્તવિક રીતે અનંતકાળમાં એણે સાંભળી જ નથી. નિશ્ચયનયથી આત્મા કેવળજ્ઞાનાદિ અનંતગુણોથી પૂર્ણ છે.

આ તો પરમાત્માનો પ્રકાશ કરનારું શાસ્ત્ર છે ને! આત્મા પરમ સ્વરૂપ જ્ઞાનઘન ચૈતન્યદળ શાંત વીતરાગરસનો પિંડ છે. નિશ્ચયથી આત્મા કેવળજ્ઞાન એટલે કેવળજ્ઞાનની પર્યાયવાળો એમ નહિ પણ માત્ર જ્ઞાન, કેવળ દર્શન, એકલો આનંદ, એકલી શાંતિ, એકલા ચારિત્ર અને પ્રભુતાનો પૂંજ છે. પર્યાયની અપૂર્ણતાની વાત નથી, આ તો અનંત ગુણોથી પૂર્ણ છે એવા દ્રવ્યની વાત છે. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પરમેશ્વરતા પૂર્ણ પ્રભુતા આદિ કેવળ—એકલા ગુણોનો પિંડ તે આત્મા છે તેની શોભા પર વડે માનવી-વૈભવ વડે માનવી, રાગથી પોતાની અધિકતા માનવી કે જ્ઞાનના ક્ષયોપશમથી અધિકાઈ માનવી તે આત્માની દૃષ્ટિથી વિપરીતદૃષ્ટિ છે. બીજાં કરતાં અધિકતા બતાવવા જાય છે પણ તેમાં આત્માની હીણપ થાય છે—એ ખબર છે!

જેને કેવલ જ્ઞાનાદિ ગુણોથી પૂર્ણ આત્મામાં અહમ્ ન થયું અને અપૂર્ણ જ્ઞાનનું અભિમાન થયું, શુભરાગનું અભિમાન થયું, પરથી પોતાની મોટાઈ ભાસી તે બધાં મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. ભાષા વડે થોડું પ્રરૂપણ કરતાં આવડે ત્યાં એને એમ થાય કે, બીજાંને આવું પ્રરૂપણ આવડતું નથી, મને આવડે છે. અરે ભાઈ! ભાષા વડે તેં તારી અધિકતા માની? એ ઝેર છે. ભાષા તો કર્મની ઉપાધિથી ઉત્પન્ન થયેલી છે. આત્માને ભાષા ન હોય. પૂર્ણ ગુણોથી પૂર્ણ પ્રભુને અપૂર્ણજ્ઞાનવાળો કે રાગવાળો કે કર્મની ઉપાધિથી ઉત્પન્ન થયેલા બીજાં ભાવોવાળો માનવો તે બધું મિથ્યાત્વ છે.

આ બધી સ્પષ્ટતા થાય ત્યારે બધાંને ઝીણું પડે છે. દષ્ટાંત આપીએ ત્યાં એની પોલ ખુલ્લી પડી જાય છે. ઓઘે ઓઘે વાત કરીએ તો સારું લાગે પણ ભાઈ! સમજાવવાની રીતમાં એ રીતે સમજાવાય ત્યારે જ ખ્યાલ આવે.

અહીં તો આચાર્યદેવ ભગવાન આત્માનું સ્વરૂપ બતાવે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, પ્રભુતા આદિ અનંતગુણોથી પરિપૂર્ણ...પરિપૂર્ણ ભરેલ ચૈતન્યવસ્તુ તે આત્મતત્ત્વ છે. તે સિવાયના લિંગાદિ સર્વ ભાવો કર્મજન્ય ઉપાધિ છે. પોતાની પર્યાયમાં રાગાદિ થાય છે એ પણ કર્મજન્ય ઉપાધિ છે, આત્માનો એ ભાવ નથી અને અલ્પજ્ઞતા આદિ એક સમયના આંશિકભાવથી આત્માની અધિકતા માનવી તે પૂર્ણાનંદ પ્રભુની દૃષ્ટિથી વિરુદ્ધ છે.

આત્મા કેવો છે?—केवलज्ञानादि अनन्त गुणैः कृत्वा...જેમાં જ્ઞાનાદિ એક એક ગુણની બેહદતા—અનંતતા છે એવા અનંતા અનંતા ગુણોનું પરિપૂર્ણ રૂપ તે આત્મા છે. એ નિશ્ચયનો આત્મા છે. પર્યાયમાં અલ્પજ્ઞતા આદિ છે તે વ્યવહારનયનો આત્મા છે અર્થાત્ વ્યવહારનયે તેને આત્મા કહેવાય છે પણ તે આત્માનું નિશ્ચયસ્વરૂપ નથી. વ્યવહારનયનો આત્મા ભૂતાર્થ નથી પરિપૂર્ણ વસ્તુ નથી.

સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વર પરમેશ્વરદેવે તો જ્ઞાન-દર્શન, આનંદાદિથી પૂર્ણ આત્માને આત્મા કહ્યો છે. તે અપૂર્ણ, વિકારી કે સંયોગવાળો નથી. એવો તારો પરિપૂર્ણ આત્મા અનાદિની પરંપરા પ્રાપ્ત જન્મ, જરા અને મરણથી ભિન્ન છે. છતાં મારો જન્મ થયો અને મારું મરણ થશે એમ માનો છો તો તેં પરિપૂર્ણ ભગવાનને શ્રદ્ધામાંથી છોડી દીધો છે. અખંડપ્રભુની દૃષ્ટિની તને ખબર નથી. આત્મા પોતાના પરિપૂર્ણ ગુણોથી અભિન્ન છે પણ જન્મ, મરણ, વૃદ્ધાવસ્થા અને રોગથી ભિન્ન છે. જે ભગવાન થઈ ગયા તે જન્મ-મરણાદિથી રહિત છે એ તો છે જ પણ અત્યારે દરેકનો આત્મા પણ જન્મ-મરણાદિથી રહિત છે એમ કહેવું છે.

પરિપૂર્ણ તત્ત્વને રોગવાળો માનવો તે ભ્રમ અને અજ્ઞાન છે, પાપદૃષ્ટિ છે અર્થાત્ મિથ્યાદૃષ્ટિ—અસત્દૃષ્ટિ છે. શોક એ પણ કર્મજન્ય ઉપાધિ છે. આત્મા શોકથી ભિન્ન છે તેમ ભયથી પણ ભિન્ન છે. જો આત્મા ભયથી તન્મય હોય તો ભય કદી છૂટે જ નહિ પણ આત્મા તેનાથી તન્મય થતો જ નથી. ભયથી ભિન્ન ભગવાનને ભયવાળો માનવો તે ભ્રમણા છે. પરિપૂર્ણ વસ્તુને પરિપૂર્ણ નહિ માનતાં બીજી રીતે માનવી તે મિથ્યાદૃષ્ટિ છે.

આત્મા દુઃખી ન હોય. આત્મા તો સુખનો સાગર છે. સત્ નામ શાશ્વત આત્માને દુઃખી માનવો તે મિથ્યા દૃષ્ટિ છે. આત્મા સત્ ચિત્ આનંદનો સાગર છે

તેને તેનાથી ભિન્ન ચીજવાળો માનવો, રોગ, શોક અને ભયાદિવાળો માનવો તે અસત્ દૃષ્ટિ છે.

આત્માની વાત કોઈ અલૌકિક છે બાપુ! પણ એણે કદી પોતાને જાણ્યો નથી. હું આત્માને જાણું છું એવા અભિમાન તો ઘણીવાર કર્યાં છે પણ આત્માને જાણવાની રીત પણ ખરેખર જાણી નથી.

સ્ત્રી, પુરુષના આકારો તો આત્માથી ભિન્ન છે છતાં પોતાને સ્ત્રી, પુરુષ લિંગવાળો માનવો તે મિથ્યાભ્રમ અજ્ઞાન છે. ભગવાન! તું એ શરીરના આકારોથી ભિન્ન છો. નપુંસકલિંગપણું પણ જીવને નથી. લિંગરહિત આત્માને લિંગવાળો માને છે અને તેના વળી અભિમાન કરે છે અને કહે છે, અમે ક્ષત્રિયાણી છીએ હો! અમને છંછેડશો નહિ... અરે! મૂઢ છે. દેહના આકારના અહંકાર આત્માને શોભતા નથી. મૂઢતાની બહાદુરી બહાર પડે છે. પુરુષો પણ એવા હોય કે, અમે વીર્યવાન પુરુષ છીએ, અમે બૈરાથી દબાશું નહિ અરે! શું આ હાડકાના આકાર તે તું છો? તું તો જ્ઞાનાનંદની મૂર્તિ છો. તેનાથી ભિન્ન ચીજને ભિન્ન જાણવાને બદલે તેનાથી જ તારી ઓળખાણ આપે છો! હું રૂપાળો, હું મજબૂત એવું બધું માનવું એ તો મિથ્યા-દૃષ્ટિનું લક્ષણ છે.

ભગવાન આત્મા તો જ્ઞાનાનંદ પરિપૂર્ણ તત્ત્વ છે. તેને તું ક્યાં ભૂલ્યો! કાળા શરીરવાળા એમ માને કે, આના કરતાં રૂપાળું શરીર હોત તો દુનિયામાં શોભત તો ખરાં! ભાઈ! એ તો શરીરના માંસના ચામડાના રંગ છે, તારા આત્માના રંગ નથી. આત્મા અરૂપી રંગરહિત જ્ઞાનાનંદસ્વભાવી તત્ત્વ છે. તેને આત્મા ન માનતાં કાળા રંગથી લજ્જા પામે છે તે મૂઢ છે.

મારો દેખાવ સુઘટીત છે હો! એમ માને છે પણ ભાઈ! એ તો દાળ-ભાત શાક રોટલીનું ઢીંગલું છે. એ તો સ્મશાનમાં રાખ થઈ જવાનું છે. એ ભિન્ન તત્ત્વ છે. તેને આત્માથી ભિન્ન જાણ! આંખ ફૂટી ગઈ હોય તો કેટલો દુઃખી થાય કે મારી આંખ ચાલી ગઈ પણ ભાઈ! તું તો જ્ઞાનાનંદની આંખવાળો છો—જ્ઞાનાનંદની મૂર્તિ છો, એકલા જ્ઞાનાદિ અનંત ગુણનો પિંડ છે તે આત્મા છે.

દેવને આવા શરીર હોય, આટલી ઊંચાઈ હોય, નરકમાં આવા શરીર હોય એ બધું ગોખે છે પણ અંતરમાં જ્ઞાનાનંદપ્રભુ પ્રકાશમૂર્તિ ક્યાં છે તે જોતો નથી. અનંતકાળથી બહારમાંને બહારમાં ચાલ્યો જાય છે. શુભવિકલ્પો કરીને ખુશી થાય છે પણ એ તો રાગ છે. રાગ છે તે આત્મા નથી. જેમાં તારી શોભા નથી એમાં શોભા

માને તો માનવામાં તું સ્વતંત્ર છો પણ એનાથી તારી શોભા નથી. તારી જ્ઞાયકમૂર્તિની શ્રદ્ધા લાવ તેમાં તારી શોભા છે. રાગમાં શોભા માનવી એ તો અશોભા છે.

જુઓ ! સમાચારમાં મારું નામ આવ્યું છે—એમ નામથી પોતાની મોટાઈ કરે છે પણ એ નામમાં તું આવી ગયો છો ! સમાચારના કે પુસ્તકના પાનામાં તું આવી ગયો છો ? નામથી જીવની મોટાઈ નથી પણ શ્રીમદ્જીએ કહ્યું તેમ જીવના અપલક્ષણનો પણ પાર નથી. ગુણોથી પરિપૂર્ણ હોવા છતાં તેના અજ્ઞાનથી જીવના અપલક્ષણનો પણ પાર નથી. એમ કહીને તારા અવગુણ નથી ગાતાં પણ તને અપલક્ષણથી છોડાવી ઊંચો લાવવા માંગે છે.

આત્મા આહાર વિનાનો તો છે પણ આહાર લેવાની વૃત્તિ અને તે સંબંધીના ઉચાટથી પણ ભગવાન ભિન્ન છે. પણ તેને ભિન્ન નહિ જાણતો અજ્ઞાની તેમાંથી પણ અભિમાન કરે છે કે, 'અમને તો પથ્થર પણ પચી જાય છે ને તમને દૂધ પણ પચતું નથી.' પણ તું કોણ છો એ તો વિચાર કર ! પાચન તો શરીરમાં થાય છે, તેનાથી આત્મવસ્તુ ભિન્ન છે. આહારસંજ્ઞા, આહાર લેવો, આહાર પચવો એ બધું શરીરનાં સંબંધમાં છે, આત્માને એ કાંઈ નથી.

ભાઈ ! તું કેવળજ્ઞાનાદિ અનંતગુણનો પિંડ છો તેને જાણવામાં તારી શોભા છે, બાકી શરીરના ને ખાવા-પીવાના મલાવામાં તારી શોભા નથી. તું બીજાના ગજ માપવા જાય છે પણ તારા ગજ તો માપ ! તારી સંભાળ લે, બીજી માથાકૂટ છોડી દે. ભગવાન આત્મા ભયસંજ્ઞાથી પણ રહિત છે અને મૈથુનસંજ્ઞા પણ જીવને નથી. આત્મા તો વિકારરહિત છે, વાસનાથી પાર છે. વાસ્તવિક આત્માને આત્મા જાણ તો તને ધર્મ થઈને મુક્તિ થશે. એ સિવાય બીજાને આત્મા માનીશ તો તને અધર્મ થઈને સંસાર ફળશે.

પાંચ-પચીશ કરોડની ધૂળનો પરિગ્રહ આત્માને નથી. આત્માને પરિગ્રહ તો નથી પણ માન્યતામાં આ પરિગ્રહ મારો છે એવી બુદ્ધિ છે તે પણ આત્મામાં નથી. પરિગ્રહસંજ્ઞા પણ વિકાર છે તેનાથી આત્મા રહિત છે. પણ આત્માના ભાનરહિત અજ્ઞાનીને અભિમાન પણ કેટલાં હોય છે ! તમે નમાલા છો, તમારું કામ નહિ, અમે દુકાને બેઠા હોઈએ તો આખી દુકાનની લગામ અમારા હાથમાં હોય... ભડનો દીકરો આવા તો અભિમાન સેવે છે.

પ્રભુ ! તું કોણ અને આ ભૂતડા તને ક્યાંથી વળગ્યા ? તારી વસ્તુને તો ભૂત વળગી શકે તેમ જ નથી પણ આ પર્યાયને ભૂત ક્યાંથી વળગ્યા ? તું તો અખંડાનંદ

પ્રભુ શુદ્ધ જ્ઞાનનો ગોળો-મોટો સૂર્ય છે. તેમાં વિકાર નથી. એ જ તારે ઉપાદેય છે. અંદરમાં દૃષ્ટિ કરવા લાયક, જ્ઞાનમાં જ્ઞેય કરવા લાયક, અંતરમાં સ્થિરતા કરવા લાયક એક અનંતસુખનું ધામ એવો શુદ્ધજીવ જ ઉપાદેય છે. બાકી જેનાથી જન્મ, જરા, મરણાદિ થાય છે તે બધા દોષો ત્યાજ્ય છે, દૃષ્ટિમાંથી છોડવા લાયક છે. દૃષ્ટિમાં તો એક શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ આદરવા લાયક છે. શુદ્ધ જ્ઞાનાનંદથી પરિપૂર્ણ મહાપ્રભુ જ શ્રદ્ધામાં આદરવા લાયક છે. બાકી બધું હેય અથવા ત્યાજ્ય છે. એ આ ગાથાનું તાત્પર્ય છે.

હવે ૭૦મી ગાથામાં કહે છે કે, આ જન્મ, જરા, મરણ, સંજ્ઞાદિ બધું દેહનું છે—દેહની સ્થિતિ છે, તારી સ્થિતિ નથી. નવું શરીર ધરવું, જૂનું શરીર છોડવું, જડના જુદાં આકારો થવા, વૃદ્ધાવસ્થા આવવી એ બધું મિથ્યાત્વનું જ ફળ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ પણ દેહની સંજ્ઞા છે. આત્મા બ્રાહ્મણ નથી, આત્મા ક્ષત્રિય નથી, આત્મા વાણિયો નથી. આત્મા તો ભગવાન આત્મા છે. આત્મા હરિજન કે ચંડાળ નથી. ભગવાન આત્મા તો પરિપૂર્ણ જ્ઞાનાનંદ છે તેને તું જો, જાણ અને અનુભવ એ તાત્પર્ય છે.

[ ક્રમશઃ ]

## ▣ પરનો મહિમા અને આકર્ષણ છોડ ▣

* ભગવાન પૂર્ણાનંદનો નાથ છે કે જેને કહેવા માટે સંતોને શબ્દો થોડા પડે છે. તારી મોટાઈ તો જો! તારું જે સ્વરૂપ ભગવાને જોયું તેને ભગવાન પણ કહી શક્યા નથી. જડ વાણી દ્વારા આત્માને કઈ રીતે વર્ણવી શકાય? દુશ્મન દ્વારા કેટલાં વખાણ કરાવી શકાય? 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં તે પણ શ્રી ભગવાન જો'—આવું પરમબ્રહ્મ તારું સ્વરૂપ છે. આવા પરમબ્રહ્મ સ્વરૂપમાં પ્રભુ! તારી મતિ લગાડ. એકવાર તેની રુચિ કર, નિર્વિકલ્પ આનંદનો નાથ, અતીન્દ્રિય સુખનો સાગર, ગુણનું ગોદામ તું છો—એમ એકવાર મહિમા લાવ. મહિમા વિના તારી મતિ ત્યાં લાગશે નહીં. બહારનો મહિમા છોડ, ત્યાં શું છે! માટે પરનો મહિમા અને આકર્ષણ છોડીને એકવાર પરમબ્રહ્મ પ્રભુનો મહિમા લાવીને ત્યાં મતિ જોડ તો તારી ચારગતિ મટી જશે. —ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

# * નિશ્ચય સ્તુતિનું સ્વરૂપ *

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૨૭ )

અહીં ૨૮મા પદ્યમાં દૃષ્ટાંત આપીને સિદ્ધ કરે છે કે શરીરની સ્તુતિથી ભગવાનની ખરી સ્તુતિ થતી નથી. ચેતન અને પુદ્ગલનો સ્વભાવ જ ભિન્ન છે માટે શરીરનું વર્ણન તે કાંઈ આત્માનું વર્ણન નથી.

ऊंचे ऊंचे गढके कंगूरे यौं विराजत हैं,
मानौं नभलोक गीलिवेकौं दांत दीयौ है ।
सोहै चहूँओर उपवनकी सघनताई,
घेरा करि मानौ भूमिलोक घेरि लियौ है ॥
गहिरी गंभीर खाई ताकी उपमा बनाई,
नीचौ करि आनन पताल जल पीयो है ।
एसो है नगर यामैं नृपको न अंग कोऊ,
यौंही चिदानंदसौं सरीर भिन्न कीयौ है ॥ २८ ॥

જેમ નગરમાં મોટાં મોટાં ઊંચા કિલ્લા છે, તેને કાંગરા એવા શોભે કે જાણે સ્વર્ગને ગળી જવા માટે દાંત ફેલાવ્યા છે. એ વડે નગરની શોભા બતાવવાથી અંદરમાં રહેલા રાજાની શોભા દેખાતી નથી. નગરની ચારે તરફ સઘન બગીચા એવા શોભી રહ્યા છે જાણે મધ્યલોકને જ ઘેરી લીધો છે અને નગરની એવી મોટી ઊંડી ખાઈઓ છે કે જાણે તેમણે નીચું મુખ કરીને પાતાળ લોકનું જળ પી લીધું છે, પરંતુ તે નગરથી રાજા ભિન્ન જ છે. તેવી જ રીતે શરીરથી આત્મા ભિન્ન છે. નગરની શોભાના વર્ણનથી રાજાની શોભા જુદી છે. તેમ ભગવાનના શરીરની સુંદરતાની, દિવ્યધ્વનિની, અતિશયોની જે મહિમા બતાવી તેનાથી ભગવાનના આત્માની મહિમા થતી નથી. આત્મા તો શરીરથી ભિન્ન છે.

ભાવાર્થ:—આત્માને શરીરથી સર્વથા ભિન્ન જાણવો જોઈએ. શરીરના રજકણની એક એક પર્યાયથી આત્મા તદ્દન જુદો છે. માટે શરીરના કથનને આત્માનું કથન ન સમજવું. આત્માની નિશ્ચય સ્તુતિ હવે ૨૯મા પદ્યમાં કહે છે.

जामें लोकालोकके सुभाव प्रतिभासे सब,
जगी ग्यान सकति बिमल जैसी आरसी ।
दर्सन उद्योत लीयौ अंतराय अंत कीयौ,
गयो महा मोह भयौ परम महारसी ॥
संन्यासी सहज जोगी जोगसौं उदासी जामैं,
प्रकृति पचासी लगि रही जरि छारसी ।
सो है घट मंदिरमैं चेतन प्रगटरूप,
एसौ जिनराज ताहि बन्दत बनारसी ॥ २९ ॥

દેહમાં રહ્યો હોવા છતાં આત્મા ભિન્ન છે માટે અહીં તીર્થંકર ભગવાનના આત્માનું સ્વરૂપ બતાવીને સ્તુતિ કરી છે.

જેમને એવું જ્ઞાન જાગૃત થયું છે કે, જેમાં દર્પણની પેઠે લોકાલોકના ભાવ પ્રતિબિંબિત થાય છે. એવું કેવળજ્ઞાન ભગવાનને પ્રગટ થયું છે. શરીર તો રોગાદિ રહિત નિર્મળ છે પણ આત્મામાં જ્ઞાનની એવી શક્તિ પ્રગટ થઈ ગઈ છે કે જેમાં કોઈ પણ પદાર્થ જાણવામાં બાકી રહેતો નથી. જેમ સ્વચ્છ અરીસામાં બધી વસ્તુ સ્પષ્ટ ઝલકે છે તેમ ભગવાનના જ્ઞાનરૂપી અરીસામાં બધું સ્પષ્ટ જણાય છે. આમ, જ્ઞાનથી આત્માનું સ્વરૂપ કહ્યું.

**दर्शन उद्योत लीयौ**—બીજો દર્શનગુણ એવો પ્રગટ થયો છે કે એક સમયમાં ત્રણકાળ ત્રણલોકની મહાસત્તાનું અવલોકન થાય છે. **अन्तराय अन्त कीयौ,**— ભગવાને અંતરાયકર્મનો સર્વથા નાશ કરીને અનંતવીર્ય પ્રગટ કરી લીધું છે. હવે ભગવાનને કોઈ જાતનું વિઘ્ન નથી

**गयो महा मोह भयो परम महारसी ।** સર્વજ્ઞ થતાં મોહનો અંશ પણ રહેતો નથી. મહામોહ ગયો અને પરમ આનંદનો મહારસ પ્રાપ્ત થયો છે. ભગવાનને ખોરાક કે પાણી આદિ લેવાની જરૂર નથી. ભગવાન તો સ્વયં અતીન્દ્રિય આનંદનો મહારસ પીવે છે. મહામોહકર્મનો નાશ થવાથી ભગવાનને પરમ સાધુ અથવા મહા સંન્યાસી અવસ્થા પ્રાપ્ત થઈ છે. એક વિકલ્પ પણ જ્યાં રહ્યો નથી એવી અવસ્થાને પરમાત્મા અથવા અરિહંત અને જિનરાજ કહેવામાં આવે છે.

**सहज जोगी**—જેમણે સ્વાભાવિક યોગો ધારણ કર્યા છે તોપણ જે યોગોથી

વિરક્ત છે. હજુ અરિહંત ભગવાન સિદ્ધ થયા નથી ત્યાં સુધી યોગોનું કંપન છે પણ તેનાથી ભગવાન ઉદાસ છે. प्रकृति पचासी लगि रही जरि छारसी । અરિહંત ભગવાનને જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય અને અંતરાય આ ચાર ઘાતિકર્મની પ્રકૃતિ તો નાશ થઈ ગઈ છે પણ આયુ, નામ, ગોત્ર અને વેદનીય આ ચાર અઘાતિ કર્મની પંચાશી કર્મપ્રકૃતિ નાશ થઈ નથી, તે બળી ગયેલી સીંદરીના રાખની પેઠે લાગેલી છે. જેમ બળી ગયેલી દોરી બાંધવામાં કામ ન આવે તેમ આ પ્રકૃતિ સત્તામાં પડી છે પણ તે ભગવાનને કાંઈ નુકશાન કરી શકતી નથી. ( આ પંચાશી કર્મપ્રકૃતિના નામ શાસ્ત્રમાં ફૂટનોટમાં આપેલાં છે. ) શ્રીમદ્જીએ પણ અપૂર્વ અવસરમાં આ કર્મની વાત લીધી છે કે તે બળી સીંદરીવત્ છે.

सो है घट मन्दिरमें चेतन प्रगटरूप—અરિહંત ભગવાનને શરીર હોવા છતાં શરીરથી તદ્દન જુદો આત્મા સર્વજ્ઞ, સર્વદર્શી, અનંત આનંદ અને અનંતવીર્યથી પ્રગટરૂપ શોભાયમાન છે. एसौ जिनराज ताहि बन्दत बनारसी । વીતરાગ એ કોઈ સંપ્રદાયની ચીજ નથી, વસ્તુનો સ્વભાવ છે. અજ્ઞાન અને રાગ-દ્વેષ ટાળીને જેણે સર્વજ્ઞ અને વીતરાગદશા પ્રગટ કરી છે એવા અરિહંતને હું નમસ્કાર કરું છું એમ બનારસીદાસજી કહે છે.

આઠ કર્મની કુલ ૧૪૮ પ્રકૃતિ છે તેમાંથી અરિહંત-કેવળી ભગવાનને હજુ ૮૫ કર્મપ્રકૃતિ સત્તામાં પડી હોય છે. તેમાં એક તો અશાતાવેદનીય છે પણ તે માત્ર સત્તામાં પડી છે, તેના ઉદયથી રોગ આદિ થાય એવું સર્વજ્ઞને ન હોય. બે દેવગતિની પ્રકૃતિ છે તે પણ બળેલી સીંદરી સમાન પડી હોય છે. ઔદારિક આદિ પાંચ શરીરની પ્રકૃતિ હોય છે. પાંચ બંધનની પ્રકૃતિ હોય, પાંચ સંઘાત અને છ સંસ્થાનની પ્રકૃતિ હોય છે. અરિહંતને આકાર તો એક સમચતુરસ્ર સંસ્થાનનો જ હોય પણ સત્તામાં બીજી પ્રકૃતિ પણ પડી હોય. ત્રણ અંગ ઉપાંગની પ્રકૃતિ હોય. છ પ્રકારના સંહનનમાંથી અરિહંતને ઉદય તો એક વજ્રવૃષભનારાચ સંહનનનો જ હોય, બીજી પાંચ પ્રકૃતિ સત્તામાં પડી હોય છે. આ બધી સર્વજ્ઞથી પ્રત્યક્ષ સિદ્ધ થયેલી વાત છે. સર્વજ્ઞ સિવાય આ વાત ક્યાંય હોતી નથી. ' બળી સીંદરીવત્ ' પ્રકૃતિ પડી છે એમ કહ્યું છે તે પણ દિગંબરની શૈલી છે.

સ્પર્શ, રસ, ગંધ, વર્ણની પણ બધી પ્રકૃતિ ભગવાનને સત્તામાં પડી હોય છે. દેવગતિની આનુપૂર્વી પ્રકૃતિ પણ સત્તામાં હોય છે. અગુરુલઘુ, ઉપઘાત, પરઘાત, ઉચ્છ્વાસ આદિની પ્રકૃતિ પણ હોય છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત વિહાયોગતિ એટલે

ચાલવાની ગતિની પ્રકૃતિ પણ સત્તામાં હોય છે. શરીર પર્યાપ્ત હોવા છતાં સત્તામાં અપર્યાપ્તક પ્રકૃતિ પણ પડી હોય છે. પ્રત્યેક શરીર, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, દુર્ભગ પ્રકૃતિ પણ સત્તામાં કેવળીને હોય છે. દુર્ભગ પ્રકૃતિનો ઉદય તો પંચમ ગુણસ્થાનથી જ ન હોય પણ સત્તામાં પ્રકૃતિ પડી હોય છે.

આવું બધું જાણપણું કરવું પડતું હશે ?— હા. સર્વજ્ઞ કેવા હોય તેનું સ્વરૂપ તો યથાર્થ જાણવું જોઈએ ને ! સ્વરૂપ જાણ્યા વિના તો જેને–તેને સર્વજ્ઞ માની લેશો. જે ત્રણકાળ ત્રણલોકને જાણે છે, બાહ્યથી સુંદર શરીર છે છતાં સત્તામાં આવી પ્રકૃતિઓ પડી છે એ જાણવું જોઈએ.

દુર્ભાગ્ય, અનાદેય અને અયશઃકીર્તિ આ ત્રણ પ્રકૃતિનો ઉદય પાંચમા ગુણસ્થાનથી હોય જ નહિ પણ સત્તામાં કેવળીને તેરમા ગુણસ્થાન સુધી પણ પડી હોય છે. પણ તે કાંઈ કાર્ય કરતી નથી. સુસ્વર, દુઃસ્વર, અનાદેય, અયશઃકીર્તિ અને નિર્માણ પ્રકૃતિ સત્તામાં પડી છે. ગોત્રની ઊંચ અને નીચ બંને પ્રકારની પ્રકૃતિ કેવળીને સત્તામાં પડી છે. વેદનીયની શાતા અને અશાતા બંને પ્રકૃતિ કેવળીને સત્તામાં હોય છે. મનુષ્યગતિ, મનુષ્યઆયુ, પંચેન્દ્રિયજાતિ, મનુષ્ય ગતિ-પ્રાયોગ્યાનુપૂર્વ, ત્રસ, બાદર, પર્યાપ્તક; સુભગ, આદેય, યશકીર્તિ અને તીર્થંકર પ્રકૃતિ આમ કુલ મળીને પંચાશી પ્રકૃતિ દરેક કેવળીને સત્તામાં પડી હોય છે. કોઈ કેવળીને હોય અને કોઈને ન હોય એમ નથી. દરેકને હોય જ. જો આ પ્રકૃતિ જાય તો તો શરીરરહિત સિદ્ધ થઈ જાય. જ્યાં સુધી અરિહંતદશા છે ત્યાં સુધી બળી સીંદરી સમાન કર્મપ્રકૃતિ સત્તામાં પડી છે. તેનાથી ભગવાનના આત્માને કાંઈ નુકશાન નથી.

બનારસીદાસજી કહે છે કે આવા જિનરાજને હું વંદન કરું છું. नमो अरिहंताणं એટલે જેને અનંત દર્શન, અનંત જ્ઞાનાદિ ચાર ગુણો પ્રગટ થયા છે, ચાર કર્મોનો નાશ થયો છે અને ચાર અઘાતિકર્મની પંચાશી પ્રકૃતિ સત્તામાં પડી છે એવા અરિહંતોને ઓળખીને વંદન કરું છું.

હવે ૨૭માં શ્લોકનું ૩૦મું પદ્ય છે તેમાં કવિ નિશ્ચય અને વ્યવહારનયની અપેક્ષાએ શરીર અને જિનવરનો ભેદ બતાવે છે.

तन चेतन विवहार एकसे,
निहचै भिन्न भिन्न है दोइ ।
तनकी थुति विवहार जीवथुति,
नियतदृष्टि मिथ्या थुति सोइ ।

जिन सो जीव जीव सो जिनवर,
तन जिन एक न माने कोइ ।
ता कारन तनकी संस्तुतिसौं,
जिनवरकी संस्तुति नहिं होइ ॥ ३० ॥

ચૈતન્ય ભગવાન આનંદનો દરિયો છે અને શરીરના રજકણો તો તેનાથી તદ્દન ભિન્ન છે. અધ્યાત્મ-તરંગિણીમાં આવ્યું છે કે, માત્ર લોકવ્યવહારથી શરીરને અને આત્માને એક કહેવાય છે. ખરેખર એક નથી. કોઈ મૂઢ જીવો એમ માને છે કે શરીરના સહારા વિના તો વિચાર પણ થઈ શકતો નથી. જેમ પોતાને રુચે તેમ માની લે છે પણ સત્ય શું છે તે સમજવાની દરકાર નથી. આત્મા જ્ઞાનાનંદથી ભરેલો છે અને શરીર તો જડતાથી ભરેલું છે. બંને તદ્દન જુદેજુદાં છે. માટે શરીરના વખાણ કરવાથી આત્માની સ્તુતિ થતી નથી. માત્ર લૌકિક વ્યવહારથી તેને જીવની સ્તુતિ કહેવાય છે. ખરેખર તો વિકલ્પ સહિતની સ્તુતિ એ સ્તુતિ જ નથી. સર્વજ્ઞ પરમેશ્વર તરફનો વિકલ્પ છે તે વ્યવહારસ્તુતિ છે, સાચી સ્તુતિ નથી. નિશ્ચયથી જુઓ તો વ્યવહાર જૂઠો છે.

जिन सो जीव जीव सो जिनवर । એકલો વીતરાગી ગોળો તે જિન છે એ જ જીવ છે. તે શરીર અને રાગરૂપી કાયાથી ભિન્ન છે. રાગ એ પણ કાયા છે, જીવ નથી. શરીરની સ્તુતિથી આત્માની સ્તુતિ થતી નથી. જીવ તો જિનવર છે અને જિનવર જીવ છે માટે વ્યવહારથી કરેલી સ્તુતિ નિશ્ચયથી જૂઠી છે. વ્યવહારનય અન્યથા કહે છે.

અરે, જેને અરિહંતના સ્વરૂપની ખબર નથી તેને આત્માની ખબર જ નથી. કેમ કે જેવો અરિહંતે પ્રગટ કર્યો છે તેવો જ આ આત્મા છે. શરીર તો આત્મા નથી પણ રાગ પણ આત્મા નથી. શરીર અને રાગથી રહિત એકલો વીતરાગી ઢીમ તે આત્મા છે. માટે શરીરની સ્તુતિથી જિનવરની સ્તુતિ થતી નથી.

હવે ૨૮મા કળશનું ૩૧મું પદ્ય કહે છે. તેમાં વસ્તુસ્વરૂપની પ્રાપ્તિમાં ગુપ્ત લક્ષ્મીનું દૃષ્ટાંત આપી બનારસીદાસજી સમજાવે છે. કવિએ પદ્ય કેવા સરસ બનાવ્યા છે !

ज्यौं चिरकाल गडी वसुधामहि,
भूरि महानिधि अंतर गूझी ।
कोऊ उखारि धरै महि ऊपरि,
जे दृगवंत तिन्हैं सब सूझी ।

त्यौं यह आतमकी अनुभूति.
पड़ी जडभाउ अनादि अरूझी ।
नै जुगतागम साधि कही गुरु,
लच्छन–वेदि विचच्छन बूझी ॥ ३१ ॥

અર્થ:—જેવી રીતે ઘણાં સમયથી પૃથ્વીની અંદર દટાયેલાં ઘણાં ધનને ખોદીને કોઈ બહાર મૂકી દે તો દૃષ્ટિવાળાને બધું દેખાવા લાગે છે તેમ, અનાદિકાળથી અજ્ઞાન ભાવમાં દટાયેલ આત્મજ્ઞાનની સંપત્તિને શ્રીગુરુએ નય, યુક્તિ અને આગમથી સિદ્ધ કરીને સમજાવી છે. તેને વિદ્વાનો લક્ષણ વડે ઓળખીને ગ્રહણ કરે છે.

આ તો દૃષ્ટાંત આપ્યું છે કે કરોડો, અબજોની લક્ષ્મી દાટેલી હતી તેને કોઈ બહાર કાઢીને મૂકી દે તો આંખવાળા હોય તે તેને જોઈ શકે, અંધ હોય તે ન જોઈ શકે. અત્યારે લોકોને પૈસાની મમતા બહુ વધી ગઈ છે. કરોડ તો ગણતરીમાં ઓછા પડે છે. દસ કરોડ, વીશ કરોડ ને અબજો રૂપિયા જોઈએ છે. એને તો માત્ર ગણત્રી કરવાની છે. આત્માને પૈસાનું ક્યાં કામ છે! અહીં તો બીજું કહેવું છે કે કોઈ ધન કાઢીને મૂકે તો નેત્રવાન છે તે જોઈ લે છે તેમ અનાદિકાળથી અજ્ઞાનમાં દટાયેલી આત્મજ્ઞાનની સંપત્તિને જ્ઞાનીગુરુ પોતે અનુભવીને બીજાઓને નય, યુક્તિ અને આગમથી સિદ્ધ કરીને બતાવે છે કે શરીર, કર્મ અને રાગની એકતામાં આત્માની સંપત્તિ દટાઈ ગઈ છે તેને શરીર, કર્મ અને રાગની એકતાબુદ્ધિ તોડીને આત્માનો અનુભવ કરતાં પોતાની અનંતી સંપત્તિ દેખાવા લાગે છે, અનુભવાય છે. એવો અનુભવ અમે કર્યો છે. તમે પણ કરો. ત્યારે જે આત્માની દૃષ્ટિ કરે છે તેને આત્માની સંપત્તિનો અનુભવ થાય છે.

આત્માના સ્વભાવને અનુસરીને આત્માનો નિર્વિકલ્પ અનુભવ કરે છે તેણે આત્માની સંપત્તિ નજરે જોઈ લીધી. મારો આત્મા સતચિદાનંદ પૂર્ણ પ્રભુ છે એવું એની દૃષ્ટિમાં આવી જાય છે. जे दगवन्त तिन्हैं सब सूझी । દૃષ્ટિવંત જીવ આત્માને જોઈ લે છે.

શ્રીગુરુ કેવી રીતે લક્ષ્મી બતાવે છે? કે—પ્રભુ! તારો સ્વભાવ તો અનંત આનંદ અને કેવળજ્ઞાનનું ધામ છે. રાગ તો તારું સ્વરૂપ નથી પણ અલ્પજ્ઞપણું પણ તારું સ્વરૂપ નથી એમ નિશ્ચયનયની યુક્તિ વડે ગુરુ બતાવે છે કે જો! તારો આત્મા તો આવો છે. તેની અનુભૂતિ તે જ જ્ઞાન છે. ગુરુને પોતાને 'આ મારો આત્મા પૂર્ણાનંદનો નાથ છે' એમ સૂઝ પડી એટલે બીજાંને સૂઝ પાડે છે કે જુઓ! આ

પ્રમાણે ચૈતન્યલક્ષ્મી પ્રાપ્ત થાય તેમ છે ત્યારે જે પોતે સૂઝ પાડે તેને વસ્તુ મળે છે.

સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં આવે છે કે જે સ્વાશ્રય વડે વીતરાગી ભગવાન આત્માનો અનુભવ કરે તે દિગંબર છે, તે પંડિત છે. રજકણ અને રાગના અંશથી રહિત પોતાની ઇશ્વરની સત્તા પોતે જ છે. પોતે પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ આદિ અનંત શક્તિઓનું સંગ્રહાલય છે તેના બદલે અજ્ઞાની પૈસા, કપડાં ને મકાન આદિનો સંગ્રહ કરીને તેનાથી પોતાની મોટાઈ માનવા લાગ્યો છે પણ બધેથી નિવૃત્ત થઈને પોતાના નિવૃત્તિઘરમાં જુએ તો અનુભૂતિથી આત્મા જણાય તેવો છે. બાકી વ્યવહાર-વિકલ્પો દયા-દાન-ભક્તિથી આત્મા જણાય તેવો નથી.

આ એક જ માર્ગ છે. સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ અનંત તીર્થંકરો એક જ અવાજે આ માર્ગ કહી ગયા છે. તારો ભગવાન અંદરમાં બિરાજે છે તેની સામે જો અને અનુભવ કર તો તને આત્માની લક્ષ્મી પ્રતીતિમાં આવશે. તું તારી સામે દૃષ્ટિ જ ન કરે તો લક્ષ્મી હોવા છતાં તેની પ્રતીતિ અને અનુભવ નહિ થાય.

સહેજે સમુદ્ર ઉલ્લસ્યો, અહીં મોતી તણાતાં જાય,
ભાગ્યવાન કર વાવરે, એની મૂઠી મોતીએ ભરાય.

તેમ અહીં કહે છે કે ઘણાં સમયથી દટાયેલી લક્ષ્મીને કાઢીને કોઈ બહાર મૂકે તો આંખોવાળા હોય તે લક્ષ્મીને જોઈ લે. તેમ શ્રીગુરુ આત્માની લક્ષ્મીને ખૂલ્લી કરે છે કે ભાઈ! તું તો પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, સ્વચ્છતા, વીતરાગતાનો નાથ છો. તું અપૂર્ણ, રાગવાળો અને શરીરવાળો નથી માટે એવો તને ન માન! તું તને અનંત અનંત આનંદનો નાથ જાણ! એમ ગુરુની વાણી સાંભળીને જે સાવધાન થાય છે—જેની આંખ ખૂલી જાય છે—જે સ્વભાવનું લક્ષ કરે છે તેને ચૈતન્યની સંપત્તિ દેખાય જાય છે.

શ્રીગુરુએ નય, યુક્તિ અને આગમથી સિદ્ધ કરીને સમજાવ્યું છે કે આત્મા એક વસ્તુ છે તેમાં પૂર્ણ જ્ઞાન ને આનંદ છે તે એકરૂપ છે માટે પૂર્ણ છે એવી નિજવસ્તુ ઉપર દૃષ્ટિ કરતાં તને આત્માની લક્ષ્મી પ્રાપ્ત થશે. આમ આગમમાં ભગવાને પણ કહ્યું છે, યુક્તિથી પણ એ વાત સિદ્ધ થાય છે અને નિશ્ચયનય પણ એમ જ જાણે છે.

સરોવર કાંઠે રે મૃગલાં તરસ્યા રે
દોડે, હાંફે, ઝાંઝવા જળની કાજ,
એને સાચાં વારી જગમાં ના મળે રે લોલ...

દુ:ખી થાકેલાં, સુખને તરસતાં જીવો સુખ માટે પરપદાર્થ અને પુણ્ય-પાપના વિકલ્પમાં આત્માને ગોતવા જાય છે પણ શ્રીગુરુ કહે છે ત્યાં આત્મા નહિ મળે બાપુ ! મૃગલાં ભલે દોડે પણ ઝાંઝવામાં એને પાણી નહિ મળે. તેમ, કુગુરુ તને જે માર્ગ બતાવે છે ત્યાં આત્મા નહિ મળે, પ્રભુ ! તું લૂંટાઈ જઈશ. ભાઈ! તારી લક્ષ્મી તેમાં ખોવાય છે. અહીં તો શ્રીગુરુ આગમ, યુક્તિ અને નયથી સમજાવે છે તેને વિચિક્ષણ જીવ લક્ષણ વડે ઓળખીને તત્ત્વ ગ્રહણ કરી લે છે.

વિચિક્ષણ કોને કહેવા ?— કે જેને ચૈતન્યમાં દૃષ્ટિ થાય અને અનુભવ કરી લે તે વિચિક્ષણ અર્થાત્ ડાહ્યા છે. બાકી જગતમાં જે ડાહ્યા ગણાય છે તે તો સંસારમાં રખડવામાં ઊંડા ઉતરવાના છે. ઝાંઝવામાં સાચા પાણી ન મળે તેમ પુણ્ય-પાપના ક્રિયાકાંડ અને રાગમાં આત્મા નહિ મળે. પ્રભુ ! એ તો ઝાંઝવાના પાણી છે. તું અનંતકાળ આમ જ છેતરાયો છો અને જ્યાં અવસર સત્ય સમજવાનો આવે ત્યાં લક્ષ્મી ચાંદલો કરવા આવે ને રાજા મોઢું ફેરવે છે તેમ તું મોઢું ન ફેરવ ! આવી તત્ત્વની સત્ય વાત મળવી અનંતકાળે મુશ્કેલ છે. બાપુ ! શ્રીગુરુ નયથી સમજાવે છે. ભાઈ ! વ્યવહાર તો જૂઠો છે. રાગાદિ વિકલ્પ તે વ્યવહાર છે. તારું પરમેશ્વર સ્વરૂપ તે સત્ય છે. એમ નયથી સિદ્ધ કર્યું, યુક્તિથી કહે છે કે વસ્તુ હોય તે પૂર્ણ જ હોય અને આગમ પણ નિશ્ચયથી વસ્તુને શુદ્ધ જ બતાવે છે.

**लच्छन–वेदि विचच्छन बूझी** । લક્ષણ તેને કહેવાય કે જે લક્ષને પહોંચે. આવા લક્ષણને જાણનારા વિચક્ષણ ભવ્ય જીવો લક્ષ સુધી પહોંચી જાય છે.

વિશેષ:—' દગવંત ' પદ આપીને એ કહેવું છે કે છતી ઋદ્ધિ પણ આંધળાને નજરે પડતી નથી, આંખવાળાને જ દેખાય છે. તેમ શ્રીગુરુ દ્વારા બતાવવામાં આવેલું તત્ત્વજ્ઞાન અંતર્દૃષ્ટિ ભવ્યોને જ પ્રાપ્ત થાય છે. બહિર્દૃષ્ટિ છોડીને જ્ઞાનાનંદધામમાં ઝુકાવ થતાં અંતર્દૃષ્ટિ વડે અંતરલક્ષ્મીનું ભાન થાય છે. બહિર્દૃષ્ટિ પૂર્વક બાળવ્રત અને બાળતપ કરનારાને અંતરાત્માનું ભાન થતું નથી.

આ સોનગઢની વાત નથી, બાપુ ! આ વીતરાગની વાત છે. આ સિવાય બીજું તને ઊંધે રસ્તે લઈ જાય છે. ભાઈ ! ઉપવાસના નામે લાંઘણો તો તેં ઘણી કરી. હવે શુદ્ધ જ્ઞાનાનંદના દરિયા પાસે જઈને તેમાં વાસ કર તો ખરો ઉપવાસ થાય. બાકી રાગમાં રહેવું એ તો અપવાસ—માઠો વાસ છે.

સંપ્રદાયમાં એક દૃષ્ટાંત આવતું હતું કે, શિકારી મૃગલાંને શિકાર માટે એક તરફ દોરી જતો હતો ત્યાં કોઈ દયાળુ મૃગલાંને બચાવવા માટે બીજી દિશામાં બોલાવે

છે પણ મૃગલાં શંકા કરીને ત્યાં જતા નથી. જુઓ! શંકા કરવાયોગ્ય છે ત્યાં શંકા કરતાં નથી અને શંકા કરવાયોગ્ય નથી ત્યાં શંકા કરીને શિકારીના હાથમાં પકડાય છે. તેમ ઊંધા માર્ગે દોરાતાં જીવોને ગુરુ સાચા માર્ગે વાળે છે—ભાઈ! તારી વસ્તુ એવી છે કે તેની પ્રાપ્તિ માટે તારે કોઈની જરૂર નથી, અમારી પણ જરૂર નથી. તું તારાથી પૂર્ણ છો.

શ્રોતા:—અહીં તો નય, પ્રમાણ, યુક્તિ આદિની અપેક્ષા બતાવી છે!

પૂજ્ય ગુરુદેવશ્રી:—એ નય, પ્રમાણ વડે એ બતાવ્યું કે તું તારો આશ્રય લે! બીજાનો આશ્રય છોડ! અમારી સામે જોવાથી પણ આત્મા નહિ જણાય એમ ગુરુ કહે છે.

જે દીર્ઘસંસારી છે—જેને અનંતકાળ સંસારમાં રખડવાનું બાકી છે તેને રખડવાથી રહિત એવો સ્વભાવ દૃષ્ટિમાં આવતો નથી. અભવ્યને પણ આ સત્ય સમજાતું નથી. અભવ્ય તો લાયક નથી પણ ભવ્યને પણ મિથ્યાત્વને કારણે દીર્ઘ સંસાર છે અહો! જિનવર સમાન જીવની દૃષ્ટિ અને સંભાળ નહિ કરનારા જીવો દીર્ઘ સંસારમાં ભમે છે. તેની બુદ્ધિમાં સત્ય ખ્યાલમાં આવતું નથી.

અરે! હથેળીમાં આંબળાની જેમ શ્રીગુરુ વસ્તુનું સ્વરૂપ બતાવે છે તો એવું જ્ઞાન કોને ન થાય? કેમ ન થાય? દીર્ઘ સંસારી હોય એની વાત જુદી છે. બાકી લાયક જીવોને તેનું જ્ઞાન થયા વિના ન રહે, થાય જ.

હવે ૨૯મા કળશનું ૩૨મું પદ્ય કહે છે. માખણ પીરસે છે.

जैसैं कोऊ जन गयौ धोबीके सदन तिन,
पहिरयौ परायौ वस्त्र मेरौ मानी रह्यौ है।
धनी देखि कह्यौ भैया यह तो हमारो वस्त्र,
चीन्हैं पहिचानत ही त्यागभाव लह्यौ है।
तैसैंही अनादि पुद्गलसौं संजोगी जीव,
संगके ममत्वसौं विभावतामैं बह्यौ है।
भेदज्ञान भयौ जब आपौ पर जान्यौ तब,
न्यारो परभावसौं स्वभाव निज गह्यौ है ॥ ३२ ॥

જુઓ! કર્મના લઈને જીવ વિભાવમાં આવ્યો નથી પણ પરસંગની મમતા અથવા કર્મની મમતાને લઈને જીવ વિભાવમાં આવ્યો છે—એમ કહ્યું છે. હવે તેને ભેદજ્ઞાન કરાવવા માટે અહીં ધોબીનું દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે

જીવ કોને કહેવો કે જે શરીર, કર્મ અને રાગના વિકલ્પથી રહિત અને જ્ઞાનાદિ ગુણોથી પૂર્ણ છે તે જીવ છે. વ્યવહારથી જીવને ૫૬૩ ભેદવાળો કહે આવે છે, તે જીવનું ખરું સ્વરૂપ નથી. જીવ તો જ્ઞાનથી પૂરો, આનંદથી, સ્વચ્છતાથી પૂરો એમ અનંતગુણથી પૂરો—શક્તિનો મહાસાગર છે. અનંત શ એકરૂપ સત્વ તે જીવ છે તેની દૃષ્ટિ થાય ત્યારે એવો જીવ એને જણાય, ત્યારે જ જીવને માન્યો કહેવાય.

જેમ કોઈ ધોબીના ઘરેથી વસ્ત્ર લાવીને પહેરીને સૂતો છે ત્યાં બીજો મ આવ્યો કે, ભાઈ! આ વસ્ત્ર ભૂલથી તારી પાસે આવ્યું છે પણ વસ્ત્ર તો માર ત્યારે આ માણસ વસ્ત્રને તેના લક્ષણ વડે ઓળખીને જાણે છે કે, આ વસ્ત્ર મારું ત્યાં જ તેની દૃષ્ટિમાંથી વસ્ત્રનો ત્યાગ થઈ જાય છે. હજુ વસ્ત્ર પહેરેલું છે છતાં દૃષ્ટિ ત્યાગ થઈ ગયો. તેમ આત્મા સંયોગ અને રાગમાં ભૂલથી એકતા માનીને બેઠો તે લક્ષણ વડે જાણીને કેવી રીતે જુદો પડી જાય છે તે વિશેષ કહેવાશે. [ ક્રમ

## 卐 દ્રવ્યદૃષ્ટિવંતને જ્ઞાયકનું અદ્ભુત જોર વર્તે છે 卐

જેને દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થઈ છે તે દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક ભાસે છે, શરીરાદિ કાંઈ ભાસતું જ નથી. ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી ભિન્ન ભાસે છે. દિવસે તો ભિન્ન ભાસે છે પણ રાત્રિમાં ઊંઘમાં પણ આત્મા નિરાળો જ ભાસે છે. સમ્યગ્દૃષ્ટિને ભૂમિકા અનુસાર બાહ્ય વર્તન હોય છે. પરંતુ બાહ્ય વર્તનમાં પણ કોઈ પણ સંયોગોમાં એની જ્ઞાન-વૈરાગ્ય શક્તિ કોઈ જુદા જ પ્રકારની રહે છે. બાહ્યથી ગમે તે પ્રસંગમાં—સંયોગમાં જોડાયેલો દેખાય તોપણ જ્ઞાયક તો જ્ઞાયકપણે જ ભાસે છે. વિભાવથી ભિન્ન નિઃશંક જ્ઞાયકપણે ભાસે છે. આખું બ્રહ્માંડ ફરી જાય તોપણ સ્વરૂપ-અનુભવમાં નિઃશંક વર્તે છે. જ્ઞાયક ઉપર ચડીને ઊર્ધ્વરૂપે બિરાજે છે, બીજા બધા નીચે રહે છે. ગમે તેવા શુભભાવો આવે, તીર્થંકર ગોત્રનો શુભભાવ આવે તોપણ તે નીચે જ રહે છે દ્રવ્યદૃષ્ટિવંતને આવું અદ્ભુત જોર વર્તે છે.

—પૂજ્ય ગુરુદેવ

# વ્યવહારસાધન કોને હોય ?

## —કે જેને સ્વભાવના આશ્રયે નિશ્ચયસાધ્યભાવ અંશે પ્રગટ્યો હોય તેને

[ શ્રી પંચાસ્તિકાય ગાથા-૧૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

મોક્ષમાર્ગમાં નિશ્ચય અને વ્યવહારનું અવિરુદ્ધપણું બતાવે છે. અહીં પ્રમાણજ્ઞાન કરાવવાની વાત છે; જે જીવ અનાદિકાળથી અજ્ઞાની છે, જ્ઞાયકમૂર્તિ અભેદ આત્માનું જેને ભાન નથી ને એકલા ભેદથી ને રાગથી જ લાભ માને છે, એવો જીવ સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર અંગીકાર કરે છે ત્યારે તેને વચ્ચે ભેદરૂપ વ્યવહાર પણ રહે છે. પૂર્ણ અભેદભાવ પ્રગટી જાય તો વ્યવહાર ન રહે, પણ હજી જેને પૂર્ણ વીતરાગી અભેદભાવ પ્રગટ્યો નથી એવા જીવને વચ્ચે વિકલ્પરૂપ વ્યવહાર પણ હોય છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં એકાગ્રતા પ્રગટી તે નિશ્ચય છે ને છઠ્ઠાગુણસ્થાન સુધી શુભરાગ હોય છે તેટલું વ્યવહારનું અવલંબન છે. દૃષ્ટિમાં તો નિશ્ચયની જ પ્રધાનતા છે ને તેવી દૃષ્ટિ ચોથા ગુસ્થાનથી જ પ્રગટી ગઈ છે. દ્રવ્યના આશ્રયે પ્રગટતી પૂર્ણ વીતરાગી પર્યાય તે સાધ્ય છે ને વચ્ચે ભેદનો વિકલ્પ રહે તેને ઉપચારથી સાધન કહે છે. ખરેખર તો દ્રવ્યના અવલંબને જે અંશે શુદ્ધતા પ્રગટી છે તે જ સાધન છે. વ્યવહારના અવલંબને લાભ માને એવા જીવની અહીં વાત નથી, તે તો મિથ્યાદૃષ્ટિ છે. અહીં તો મોક્ષમાર્ગ જેને પ્રગટ્યો છે એવા જીવની વાત છે. છઠ્ઠા ગુણસ્થાને શુભવિકલ્પ ઊઠે છે તેને અહીં વ્યવહાર-અવલંબી કહ્યો છે, પણ તે વખતે અભેદ સ્વભાવનું અવલંબન પણ સાથે જ વર્તે છે, વ્યવહારને અહીં સાધન કહ્યું. તેનો અર્થ એમ નથી કે વ્યવહારના આશ્રયે નિશ્ચય પ્રગટે ! પણ અહીં નિશ્ચય-વ્યવહાર બન્નેનું જ્ઞાન કરાવવું છે. સાધકને છઠ્ઠા ગુણસ્થાને દ્રવ્યના અવલંબને જેટલો વીતરાગભાવ થયો છે તેટલો નિશ્ચય છે, ને ત્યાં હજી શુભરાગ છે તે વ્યવહાર છે. તે રાગ વખતે સાથે જ નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન તથા અંશે ચારિત્ર પણ વર્તે છે, તેથી રાગમાં તેનો ઉપચાર કરીને તેને સાધન કહ્યું છે. પણ ખરેખર રાગ થાય તે કાંઈ વીતરાગતાનું સાધન નથી.

સર્વે શાસ્ત્રોનો સાર તો વીતરાગભાવ છે. ચિદાનંદ દ્રવ્યનું અવલંબન લઈને નિશ્ચય શ્રદ્ધા, સ્વસંવેદન જ્ઞાન ને સ્વરૂપમાં લીનતા પ્રગટે તે શાસ્ત્રોનું તાત્પર્ય છે. પણ પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સાધકને રાગ પણ હોય છે. ધર્મીને દૃષ્ટિમાં તો વીતરાગતા જ છે. "હું શુદ્ધ ચૈતન્યવસ્તુ છું. રાગનો અંશ પણ મારો નથી."—એમ

શુદ્ધસ્વભાવની જ પ્રધાનતા ધર્મીની દૃષ્ટિમાં વર્તે છે પણ હજી તેમાં પૂરી લીનતા ન થાય ત્યાં સાધકને રાગ પણ આવે છે.

નિશ્ચયસ્વભાવના ભાન પૂર્વક ચોથા ગુણસ્થાને દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ પૂજા વગેરેનો ભાવ આવે છે. પાંચમા ગુણસ્થાને બાર વ્રત તથા છઠ્ઠા ગુણસ્થાને પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ વગેરેનો શુભરાગ આવે છે, તે રાગનું અવલંબન દૃષ્ટિમાં તો છે જ નહિ, દૃષ્ટિમાં તો સમકિતીને એક સમય પણ નિશ્ચયસ્વભાવની મુખ્યતા છૂટતી નથી, પણ વીતરાગભાવ પ્રગટયો નથી ત્યાં શુભરાગ આવે છે, તેને વ્યવહારનું અવલંબન કહ્યું છે. શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગભાવ છે અને વીતરાગભાવ અખંડ દ્રવ્યના આશ્રયે જ થાય છે-એવું ધર્મીને ભાન થયું છે ને પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે. વ્યવહારના અવલંબનથી લાભ થાય એવી માન્યતા છૂટી ગઈ છે અને દૃષ્ટિ અખંડ દ્રવ્ય ઉપર છે.-આવી દૃષ્ટિની મુખ્યતા રાખીને આ બધી વાત સમજવાની છે.

જો સ્વભાવદૃષ્ટિની મુખ્યતા છૂટીને રાગની-પર્યાયની કે વ્યવહારની રુચિની પ્રધાનતા થઈ જાય તો તેવો જીવ મિથ્યાદૃષ્ટિ છે; એવા શુભરાગને તો વ્યવહાર પણ નથી કહેતા; જેને નિશ્ચયસ્વભાવની દૃષ્ટિ છે તેને વ્યવહાર હોય છે. નિશ્ચય વગર રાગમાં વ્યવહારનો આરોપ પણ કઈ રીતે આવે?

સમ્યગ્દૃષ્ટિને રાગરહિત સ્વભાવનું ભાન હોવા છતાં રાગ કેમ થાય છે? કે ચારિત્રગુણની તે પર્યાયમાં તેવા પરિણમનની યોગ્યતા છે. કર્મના ઉદયથી રાગ થાય છે-એવી તો વાત જ અહીં નથી, પણ જે રાગ પોતાની નબળાઈથી થયો તે રાગની પણ પ્રધાનતા ધર્મીની દૃષ્ટિમાં નથી. ધર્મીની દૃષ્ટિનો વિષય અખંડ શુદ્ધ ચિદાનંદ-સ્વભાવ છે, તેની દૃષ્ટિમાં રાગની પ્રધાનતા નથી પણ પ્રમાણજ્ઞાન સ્વભાવ અને રાગ બન્નેને જાણે છે. જેને અભ્યંતર સ્વભાવની દૃષ્ટિ થઈ છે પણ હજી પર્યાયમાં પૂર્ણ વીતરાગ ભાવ પ્રગટયો નથી તેને રાગ થાય છે; તે રાગને અહીં વ્યવહાર સાધન કહ્યું છે. તે આરોપથી કહ્યું છે. રાગને વ્યવહાર સાધન કહ્યું માટે તેના આશ્રયે કાંઈ લાભ થાય છે-એમ ન સમજવું. શ્રદ્ધામાં જેને વ્યવહારનું અવલંબન છે એટલે કે વ્યવહારના આશ્રયે લાભ થશે એમ જે માને છે તે વ્યવહારાવલંબી નથી, તે તો મિથ્યાત્વઅવલંબી છે. અહીં જેને દૃષ્ટિમાં તો નિશ્ચય ચિદાનંદ સ્વભાવનું જ અવલંબન વર્તે છે, ને ચારિત્રદશામાં હજી રાગનો અંશ પણ વર્તે છે,-એવા જીવને રાગ વખતે વ્યવહારાવલંબી કહ્યો છે. ચિદાનંદ સ્વભાવના આશ્રયે છઠ્ઠા ગુણસ્થાનની વીતરાગદશા પ્રગટી હોય ત્યાં એવો રાગ હોય જ નહિ કે વસ્ત્રાદિ અંગીકાર કરવાની વૃત્તિ આવે; ત્યાં પંચમહાવ્રત તથા ૨૮ મૂળગુણનો શુભવિકલ્પ હોય છે-એવો જ તે ભૂમિકાનો વ્યવહાર છે, પણ કોઈ

એમ માને કે આ પંચમહાવ્રત વગેરે શુભરાગના અવલંબનથી છઠ્ઠું ગુણસ્થાન ટકશે–તો તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. છઠ્ઠા ગુણસ્થાનનો વીતરાગભાવ તો દ્રવ્યના અવલંબને જ ટકે છે. અનાદિકાળથી પૂર્ણ અભેદ વીતરાગભાવ કદી થયો નથી એટલે છઠ્ઠા ગુણસ્થાને હજી શુભરાગ આવે છે. શુદ્ધ ચિદાનંદ સ્વભાવના આશ્રયે વીતરાગી શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર પર્યાય પ્રગટે તે સાધ્ય છે, અને ત્યાં વ્યવહારથી જ્ઞાન–ચારિત્રનો શુભભાવ આવે તેને સાધન કહ્યું છે–આ સાધ્ય અને સાધન ભિન્ન ભિન્ન છે. પણ તે વ્યવહાર-સાધનનો આરોપ પણ ક્યારે આવે ? કે ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ દ્રવ્યના આશ્રયે જેને નિશ્ચય સાધ્યદશા પ્રગટી હોય તેને શુભરાગમાં વ્યવહાર સાધનનો આરોપ આવે છે. પણ જ્યાં સાધ્ય જ પ્રગટ્યું ન હોય ત્યાં આરોપથી પણ સાધન કોનું કહેવું ? જુઓ, વ્યવહારનું અવલંબન કરતાં કરતાં નિશ્ચય પ્રગટી જશે–એ વાત આમાં રહેતી નથી. વ્યવહારના અવલંબને જે લાભ માને છે તેવા જીવના શુભરાગને તો વ્યહારસાધનમાં પણ ગણ્યો નથી. જેને નિશ્ચયનું ભાન હોય તેવા જીવને જ વ્યવહાર હોય છે. શ્રદ્ધામાંથી જેને વ્યવહારનું અવલંબન છૂટી ગયું છે તેવા જીવને દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિ વગેરેનો ભાવ આવે તેને વ્યવહારસાધન કહેવાય છે. જેને શ્રદ્ધામાંથી પણ રાગનું અવલંબન છૂટ્યું નથી ને સ્વભાવની દૃષ્ટિ પ્રગટી નથી તે તો મિથ્યાદૃષ્ટિ છે.

સાધ્ય વીતરાગભાવ છે, વચ્ચે રાગ આવે છે તે ખરું સાધન નથી એમ જાણે તો ઉપચારથી શુભને સાધન કહેવાય છે. એ રીતે નિશ્ચય-વ્યવહારનું યથાર્થ જ્ઞાન અંગીકાર કરે છે તે સુખેથી પારગામી થાય છે, એટલે કે વિકલ્પ તોડી પૂર્ણ થાય છે. દેવ–શાસ્ત્ર–ગુરુ, નવતત્ત્વાદિનાં વિકલ્પ સાધકને રાગની ભૂમિકામાં ન આવે એમ બને નહિ. પણ એ શુભવિકલ્પ આવે તેને ધર્મ માને તેને બે નયોની અવિરોધતા નથી.

નય છે તે સમ્યક્ શ્રુતજ્ઞાનના ભેદ છે. તે મિથ્યાદૃષ્ટિને ન હોય તથા કેવળ-જ્ઞાનીને ન હોય, પણ સાધકને નય હોય છે.

નિમિત્ત, રાગ, નિર્મળ પર્યાય અને પર્યાયવાન એવા દ્રવ્યનું જ્ઞાન કરે છે પણ દ્રવ્યના આશ્રયે જેટલા અંશે વીતરાગતા થાય તેટલા અંશે ધર્મ છે. વ્યવહારરત્નત્રયનો શુભરાગ તે ઉપચારથી સાધન કહેવાય છે.

દેવાદિથી શુભરાગ થયો નથી, નિમિત્તથી રાગ થયો નથી. જો નિમિત્તથી રાગ થતો હોય તો બધાને સરખો રાગ થવો જોઈએ. શુભરાગ કરે તો સામેની ચીજને નિમિત્ત કહેવાય છે. શરીરની ક્રિયા તે વ્યવહાર નથી. પૂજા, ભક્તિ વખતે દેહની ક્રિયા

આત્મા કરી શકયો નથી. શરીરની યોગ્યતાથી શરીરની ક્રિયા થઈ તો જીવની ઇચ્છાને નિમિત્ત કહેવાય છે.

અનંત આત્મા પૃથક્ પૃથક્ છે, એકેક પરમાણુ સ્વતંત્ર પૃથક્ પૃથક્ છે. એકેક આત્મામાં અનંતગુણ, એક એક ગુણની ત્રિકાળવર્તી અનંત પર્યાય, જ્ઞાનગુણની એક પર્યાયની પૂર્ણતા થતાં ત્રણકાળ ત્રણલોકને જાણે એવી સર્વજ્ઞશક્તિ આત્મામાં ત્રિકાળ છે એવું સ્વતંત્રપણું જૈનધર્મરૂપ વસ્તુ સ્વભાવમાં જ છે.

અલ્પજ્ઞતા, વિકાર ને નિમિત્તની રુચિ ગઈ ને સર્વજ્ઞસ્વભાવી પૂર્ણ દ્રવ્યની દૃષ્ટિ સ્વસન્મુખતાથી થઈ તે સાધ્ય અને સ્વાશ્રય વીતરાગભાવ તે સાધન છે. વ્યવહારરત્નત્રયરૂપ શુભરાગ તે ઉપચાર સાધન છે. ધર્મીને રાગ આવે છે, પણ રાગ તે ધર્મ નથી. સ્વભાવના આશ્રયે રાગ થાય નહિ. શુદ્ધસ્વભાવની વાત કરે પણ વચ્ચે ભૂમિકા અનુસાર રાગ આવે તેને જો ન જાણે તો તેને પણ નિશ્ચય-વ્યવહારનું ભાન નથી ને રાગને ધર્મ માને તેને પણ નિશ્ચય-વ્યવહારનું ભાન નથી. શુદ્ધ આત્મસ્વભાવની દૃષ્ટિ થઈ છે તેમાં તો ધર્મીને રાગનું અવલંબન છૂટી જ ગયું છે, પણ હજી વીતરાગી સ્થિરતા પ્રગટી નથી ત્યાં સર્વજ્ઞદેવનું બહુમાન વગેરેનો ભાવ આવે છે તેનું નામ વ્યવહાર છે. જુઓ, સર્વજ્ઞને સ્વીકારે તો તેમાં અલ્પજ્ઞતા વિકાર ને નિમિત્તના આશ્રયની બુદ્ધિ છૂટીને જ્ઞાનસ્વભાવમાં બુદ્ધિ ઘૂસી જાય છે. જગતમાં ભિન્ન ભિન્ન અનંત આત્મા, એકેક આત્મામાં અનંત ગુણો ને તેનામાં સમયે સમયે પરિણમન-આવી વાત સર્વજ્ઞશાસન સિવાય બીજે કયાં છે? જે જીવ આવા સર્વજ્ઞને ન માને તેની તો અહીં વાત જ નથી. અને સાચા દેવ-ગુરુ તરફનો જે શુભરાગ છે તેનાથી જ જે ધર્મ માને છે તેની પણ આ વાત નથી. અહીં તો જેને નિશ્ચય સ્વભાવના આશ્રયે શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ સાધ્યભાવ પ્રગટયો છે, તેને વચ્ચે શુભરાગ આવે તેને વ્યવહારે સાધન કહ્યું છે. તીર્થ એટલે સાધનભાવ અને તીર્થફળ તે શુદ્ધ સિદ્ધદશા—પણ કોને? કે જેને અખંડ દ્રવ્યસ્વભાવનું અવલંબન છે તેને નિશ્ચય સાધન તો અખંડ દ્રવ્યનું અવલંબન કરવું તે જ છે, પણ ત્યાં રાગ છે તેને ઉપચારથી સાધન કહેવાય છે.

પહેલાં જેને ભાન તો થયું છે કે હું અખંડ ચિદાનંદમૂર્તિ છું, રાગનો અંશ પણ મારો નથી—આવા ભાન પછી વચ્ચે વિકલ્પ ઊઠે છે કે અહો! જગતમાં સર્વજ્ઞ વીતરાગદેવ શ્રદ્ધા કરવાયોગ્ય છે, અન્ય કુદેવાદિ તે શ્રદ્ધા કરવાયોગ્ય નથી. નિશ્ચય શ્રદ્ધા સહિત આવી વ્યવહારશ્રદ્ધાનો વિકલ્પ ધર્મીને આવે છે. તે વિકલ્પ પોતે ધર્મ નથી. છતાં ધર્મીને નીચેની ભૂમિકામાં તેવો વ્યવહાર આવ્યા વિના

રહેતો નથી. બસ ! આ ભૂમિકાનું જ્ઞાન કરાવવા માટે તેને વ્યવહારસાધન કહ્યું છે. પણ અંદરમાં તે વખતે દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ તો એક સમય પણ છૂટતી નથી.

જુઓ, મુનિદશામાં અંતરસ્વરૂપમાં લીનતાથી એવો સહજ પુરુષાર્થ હોય છે કે ત્યાં પોતાને માટે કરેલા આહારની વૃત્તિ જ ઊઠતી નથી, નિર્દોષ આહારની વૃત્તિ ઊઠે છે, અને ત્યાં શરીરસ્થિતિ ટકવાની હોય તો તેવા નિર્દોષ આહારનો યોગ સહજ બની જાય છે. અંતરની પવિત્રતા સાથે આવા પુણ્યનો યોગ સહજ બની જાય છે. અને જો તેવો યોગ ન બને તો આહારની વૃત્તિ જ તૂટી જાય છે. એવો સહજ પુરુષાર્થ મુનિદશામાં અંતરસ્વભાવના અવલંબને વર્તતો હોય છે. આહારની વ્યવસ્થાનું શું થશે, એવો વિકલ્પ મુનિને હોય નહિ. નિર્દોષ આહારનો જોગ બની જાય એવા સહજ પુણ્ય મુનિદશામાં હોય છે. નિર્દોષ આહારનો સહજ યોગ બનતો ન હોય ને ખાસ પોતાને માટે બનાવેલો આહાર લેવાના પરિણામ થતા હોય છતાં એમ માને કે અમને મુનિદશા છે. તો તેને મુનિદશાનું ભાન નથી. અહો ! અંતરમાં સ્વભાવની રમણતામાં ઝૂલતાં ઝૂલતાં વીતરાગી મુનિદશા પ્રગટી હોય ને દેહની સ્થિતિ ટકવાની હોય તો ત્યાં નિર્દોષ આહારનો યોગ સહજ બની જાય એવાં પુણ્ય પણ હોય છે. અંદરની પવિત્રતા અને પુણ્યનો જેને વિવેક નથી અને ગમે તેવો આહાર લેવાના ભાવ થતાં હોવા છતાં પોતાને મુનિદશા વગેરે મનાવે—તે યથાર્થ મુનિદશા નથી. [ ક્રમશઃ ]

---

## 卐 હું તો ચિન્માત્ર અખંડ જ્યોતિસ્વરૂપ છું 卐

નિર્વિકલ્પ થવાવાળો જીવ નિર્વિકલ્પ થયા પહેલાં આવો નિર્ણય કરે છે કે રાગાદિભાવે સદાય હું પરિણમનારો નથી પણ જ્ઞાન-દર્શનરૂપ પરિણમનારો છું. હજુ રાગાદિભાવો થશે એમ જાણે છે, છતાં તેના સ્વામીપણે હું થનાર નથી, મને ભવિષ્યમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થશે એવો મારો પ્રયત્ન છે છતાં તે વખતે રાગ હશે, પરંતુ તે રૂપે હું પરિણમનાર નથી તેવો નિર્ણય છે. નિર્ણય કરે છે પર્યાયમાં, પછી અનુભવ થશે પર્યાયમાં, પણ તે પર્યાય એવો નિર્ણય કરે છે કે હું તો ચિન્માત્ર અખંડ જ્યોતિસ્વરૂપ છું, પર્યાયરૂપ નથી.

—પૂજ્ય ગુરુદેવ

## વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ ધર્મભાવનાનો અધિકાર ચાલે છે. તેમાં શ્રાવકના બાર પ્રકારના ધર્મોનું વર્ણન કરતાં શ્રાવકની અગિયાર પ્રતિમાનો અધિકાર પૂરો થયો છે. તેમાં ટીકાકાર વિશેષ કહે છે કે ધર્મીને આત્માનું ભાન હોય છે. તેથી ઘણો રાગ ઘટ્યો છે પણ હજુ જે રાગ રહ્યો છે તેને કારણે દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે બહુમાન કરે છે. ધર્મી ગૃહસ્થ જે દ્રવ્યનું ઉપાર્જન કરે છે તેના છ ભાગ કરે તેમાંથી એક ભાગ તો ધર્મના અર્થે આપે.

ધર્મીને તૃષ્ણા ઘણી તૂટી ગઈ હોય છે પણ દેવ-શાસ્ત્ર-ગુરુનો વિનય હજુ છૂટયો નથી. તેથી જ્ઞાન, શ્રદ્ધા, રાગ, તન, મન અને ધન એના તરફ વાળે છે. વારંવાર સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ ઉપર તેને પ્રેમ આવે છે. જેમ બાપને દીકરા ઉપર અને દીકરાને બાપ ઉપર પ્રેમ હોય તો વારંવાર યાદ કરે છે અને લૌકિકમાં જેમ સ્ત્રી-પુત્ર માટે ઘરેણાં, વસ્ત્રો, મોટર, મકાન આદિમાં પૈસા વાપરે છે તેમ ધર્મી અહીં કમાણીનો છઠ્ઠો ભાગ ધર્મના કામમાં વાપરે છે. છ લાખની કમાણીમાંથી એક લાખ આપે. છોકરાને આપવા પડે તો આપે, નુકસાન જાય તો આપે પણ ધર્મ માટે કાઢવા પડે તો આકરું લાગે તો સમજવું કે તેને ધર્મનો પ્રેમ નથી. ધર્મી જીવને ધર્મ ઉપર પ્રેમ છે તેથી કમાણીમાંથી છઠ્ઠો ભાગ ધર્મ માટે કાઢે છે.

"સત્તાસ્વરૂપ" ગુજરાતી પૃ. ૨૪માં ભાગચંદજી છાજડે કહ્યું છે કે—"પહેલાં મિથ્યાત્વ અવસ્થામાં કુદેવાદિની માન્યતામાં ઉમંગભર્યાં કાર્યો કરતો હતો અને હવે ભાગ્યોદયથી સાચા દેવાદિની પ્રાપ્તિ થઈ અને ઉમંગથી ધનખર્ચ અને પૂજાદિ ન કરે તો તે કુલટા સ્ત્રી જેવો છે કારણ કે આ તો મહાન ગજબ છે કે : પોતાના ખરા સ્વામીના સંબંધમાં હર્ષરૂપ કાર્ય ન થાય! તમે પોતે જ વિચાર કરી જુઓ. અમારે જોરાવરીથી તમને દૂષણ લગાવવાં નથી. જો તમારામાં આ જ પ્રમાણે પ્રતીત હોય તો તમોને દોષ અવશ્ય લાગશે માટે કુદેવાદિની જેમ સુદેવાદિનાં કાર્યોમાં સાચા સ્વરૂપ વધતાં કાર્યો થતાં જ ધર્માત્માપણું આવશે."

વળી આ શાસ્ત્રમાં આગળ પૃ. ૯–ગાથા ૧૨માં કાર્તિકેયસ્વામી જે મહાન સંત-મુનિ હતા તેમણે કહ્યું છે કે : કાં તો લક્ષ્મીને ભોગવો અથવા તો દયાપ્રધાની થઈને દાન આપો. કોઈ લોભી લક્ષ્મીનો સંચય કરી રાખવા માગે છે તેને ઉપદેશ આપે છે કે લક્ષ્મી ચંચળ છે, કાયમ રહેતી નથી માટે તેને પ્રભુભક્તિ અર્થે અથવા પરોપકાર

કે દાનાદિમાં ખર્ચો તથા ભોગવો કેમકે ધન ભેગું કરવામાં તો મમત્વભાવ રહે છે પણ ઉદારતાપૂર્વક ભોગ-સામગ્રીમાં ખરચતાં જગત પણ જશ કરે છે અને ઉજ્વલ પરિણામ રહે છે અને ઘણો વિષાદ થતો નથી. માટે ભોગવવામાં પણ ગુણ છે એમ સમજવું. અહીં તો લોભી પૈસા બિલકુલ વાપરતો નથી તેને કહે છે. પણ જે ત્યાગ કરે છે તેને ભોગવવાની વાત નથી. માટે ધર્મી જીવે એક ભાગ ધર્મ અર્થે વાપરવો યોગ્ય છે.

વળી જે ધન ઉપાર્જન કરે છે તેના છઠ્ઠા ભાગનો એક ભાગ કુટુંબના પોષણમાં આપે, એક ભાગ પોતાના ભોગમાં ખર્ચ કરે, એક ભાગ પોતાના સ્વજન-સમૂહના વ્યવહારમાં ખર્ચે અને બાકીના બે ભાગ અનામત ભંડાર તરીકે રાખે. તે દ્રવ્ય કોઈ મોટા પૂજન વા પ્રભાવનામાં અથવા કાળ-દુકાળમાં કામ આવે. એ પ્રમાણે કરવાથી ગૃહસ્થને આકુળતા ઊપજે નહિ અને ધર્મ સાધી શકાય.

અહીં સંસ્કૃત ટીકાકારે ઘણું કથન કર્યું છે તથા પહેલાંની ગાથાના કથનમાં અન્ય ગ્રંથોનાં કથન સધાય છે. કથન ઘણું કર્યું છે તે બધું સંસ્કૃત ટીકાથી જાણવું. અહીં તો ગાથાનો જ અર્થ સંક્ષેપમાં લખ્યો છે. વિશેષ જાણવાની ઇચ્છા હોય તેણે રયણસાર, વસુનંદીકૃત શ્રાવકાચાર, રત્નકરંડ શ્રાવકાચાર, પુરુષાર્થસિદ્ધિ ઉપાય, અમિતગતિ શ્રાવકાચાર અને પ્રાકૃત દોહા બંધ શ્રાવકાચાર ઇત્યાદિ ગ્રંથોથી જાણવું.

બધાં શાસ્ત્રોનો સાર તો વીતરાગતા છે. નિમિત્ત અને રાગની રુચિ છોડી સ્વભાવની રુચિ કરવી તે ચારે અનુયોગનો સાર છે. રાગની તથા નિમિત્તની ઉપેક્ષા કરવી અને સ્વભાવની અપેક્ષા કરવી એ જ સાર છે. પરની ઉપેક્ષા સ્વની સ્વતંત્રતા જાહેર કરે છે. શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર તે ત્રણે વીતરાગભાવ છે. તે શ્રાવકના બાર પ્રકારે હોય છે. તેનું વર્ણન કર્યું. સમ્યગ્દર્શનપૂર્વક અગિયાર પ્રતિમાનું સ્વરૂપ કહ્યું. આ પ્રકારના ધર્મનો વિચાર મુનિ પણ કરે છે અને મુનિપણું કેવું હોય તેનો પણ મુનિ વિચાર કરે છે અને સમ્યગ્દષ્ટિ પણ મુનિપણાનો વિચાર કરે છે કેમકે મુનિ થયા વિના આત્માની પૂર્ણ શાંતિ મળે તેમ નથી. અંતર-બાહ્ય નગ્ન થયા વગર પંચ પરમેષ્ઠીમાં ભળે એમ નથી. તેવા મુનિધર્મની વ્યાખ્યા હવેની ગાથામાં કહે છે.

जो रयणत्तयजुत्तो खमादिभावेहिं परिणदो णिच्चं ।
सव्वत्थ वि मज्झत्थो सो साहू भण्णदे धम्मो ॥ ३९२ ॥

અર્થ:—જે પુરુષ (આત્મા) રત્નત્રય અર્થાત્ નિશ્ચય-વ્યવહારરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી યુક્ત હોય તેને જ સાધુ કહે છે અને તેને જ ધર્મ છે. જુઓ, અહીં પ્રથમ એમ વાત કરેલ છે કે મુનિને આત્માની શ્રદ્ધા હોય તે નિશ્ચય સમ્યગ્દર્શન છે

અને દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રતીતનો વિકલ્પ વર્તે છે તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. અખંડ આત્માનું જ્ઞાન તે નિશ્ચય છે અને શાસ્ત્રનું જ્ઞાન તે વ્યવહાર છે. સ્વરૂપમાં લીનતાપૂર્વક વીતરાગતા તે નિશ્ચય ચારિત્ર છે અને પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ, અઠાવીસ મૂળગુણનું પાલન તે બધું વ્યવહાર ચારિત્ર છે. આવા નિશ્ચય-વ્યવહારની જેને ખબર નથી તે આ રીતે મુનિધર્મની વિચારણા પણ કરી શકે નહિ.

હવે મુનિધર્મની વિશેષ વાત કરે છે કે ક્ષમાદિભાવ એટલે ઉત્તમ ક્ષમાથી માંડી દસ પ્રકારના ધર્મોથી નિત્ય-નિરંતર પરિણામસહિત મુનિ હોય છે તે ધર્મ છે. મુનિને સંજ્વલન કષાયની ઘણી મંદતા હોય છે. એમાં સુખ-દુઃખ વખતે મધ્યસ્થ રહે છે. અનુકૂળતા અને પ્રતિકૂળતાના સંયોગો વખતે મુનિ આનંદમાં ઝૂલતા હોય છે, એનું નામ ધર્મ છે. આવી મુનિપણાની દશા હોય છે તેને જે સમજતો નથી તે ધર્મને પણ સમજતો નથી. ધર્મ ધર્મી વિના હોય નહિ અને ચારિત્ર તે મુખ્ય ધર્મ છે, તેનું મૂળ સમ્યગ્દર્શન છે તેથી એના વિના ધર્મ હોય નહિ.

મુનિ તૃણ-કંચન, લાભ-અલાભ, શત્રુ-મિત્ર, નિંદા-પ્રશંસા અને જીવન-મરણ આદિમાં મધ્યસ્થ હોય છે એટલે સમભાવરૂપે વર્તે છે. તેવા રાગ-દ્વેષ રહિત હોય તેને સાધુ કહે છે અને તે ધર્મ છે અને જેમાં ધર્મ છે તે ધર્મની મૂર્તિ છે. સાધુ આત્મલક્ષ્મી કેમ પ્રગટ થાય તે બતાવે છે. ફીચર વગેરેના ભાવો કહી જડલક્ષ્મી પ્રાપ્ત કરવાનું તેઓ કહે નહિ. કેમકે લાભ-અલાભમાં તેમને સમભાવ છે. અપયશને સાધુ માનતા નથી. શ્રાવકની દશા પણ સવાર્થસિદ્ધિના દેવો કરતાં વધી ગઈ હોય છે. તેમને અપયશ, અનાદેય, દુર્ભાગ્ય—એનો ઉદય હોતો નથી. એમ શાસ્ત્રમાં કહેલ છે. કેમકે તેમાં શ્રાવક તથા મુનિને જોડાણ નથી. કોઈ શ્રાવક પાંચમા ગુણસ્થાનવાળો હોય અને ગરીબ હોય, કોઈ નિંદા કરતા હોય પણ એને તે ગણતો નથી-કેમકે તેને એ કષાય તો ટળી ગયા છે. તે પોતાને ભાગ્યવાન માને છે. આત્મા ચિદાનંદસ્વરૂપી છે તેની રુચિ છૂટતી નથી. તે નિંદા આદિને ગણતો નથી. ઘણું જીવીએ તો ઠીક અને હમણાં મરણ ન આવે તો ઠીક —એમ મુનિ માને નહીં. મુનિ તો આહાર લેવા જાય તે વખતે કોઈ રડતું હોય, આગ લાગી હોય તો આહાર લેવાનો વિકલ્પ તોડી નાખે. પોતે અંતર વિચાર કરે કે અમે શાંતિના માર્ગે ચડેલા છીએ, એમાં આ કકળાટ શેનો ? એમ સ્વભાવના આશ્રયે આહારનો વિકલ્પ તોડી નાખે છે પણ ખેદ કરતા નથી. અંતરમાં તો શાંતિના શેરડા છૂટે છે.

મહાવીર ભગવાને ચંદનબાળાની આંખમાં આંસુ જોયા પછી આહાર લીધો તે વાત ખોટી છે . તે બધું કૃત્રિમ બનાવ્યું છે. સાધુધર્મ એવો છે કે આંખમાં આંસુ જુએ તો આહાર લે નહિ. પણ આહારનો વિકલ્પ તોડી નાખી પાછા ફરે—એ મુનિધર્મ

છે. હવે આવા ધર્મની જેને ખબર નથી તેને ધર્મને ધરનાર એવા આત્માની ખબર હોતી નથી. કોઈ જીવ અક્કલ વગરની નકલ કરીને પોતાને ધર્મી માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. માટે મુનિધર્મનું પહેલાં જ્ઞાન કરવું જોઈએ.

ભાવાર્થ :—અહીં રત્નત્રય સહિત કહેવામાં તેર પ્રકારનું ચારિત્ર છે તે મહાવ્રત આદિ મુનિનો ધર્મ છે તેનું વર્ણન કરવું જોઈએ. પરંતુ અહીં દસ પ્રકારના વિશેષ ધર્મોનું વર્ણન છે. તેમાં મહાવ્રત આદિનું વર્ણન પણ ગર્ભિત છે એમ સમજવું.

જુઓ, આ ચારિત્રધર્મમાં દસલક્ષણધર્મનું આવ્યું છે. આ ધર્મનું વર્ણન પર્યુષણપર્વમાં વંચાય છે પણ અહીં આપણે તે પહેલાં આવેલ છે. ભાદરવા સુદ ૫ થી સુદિ ૧૪ સુધી દસ દિવસો છે તે ખરા પર્યુષણપર્વના દિવસો છે. બાર મહિનામાં ત્રણ વખત દસ લક્ષણપર્વ આવે છે પણ ચોમાસામાં નિવૃત્તિનો કાળ વિશેષ હોય છે. એટલે એની મુખ્યતાએ ભાદરવા સુદ ૫ થી સુદ ૧૪ સુધીના દિવસોને મહાન પર્વ તરીકે ગણેલ છે. તેમાં દસધર્મ વંચાય છે તેનું વર્ણન હવે કરશે. તેનું સ્વરૂપ, શ્રાવક, સમ્યગ્દૃષ્ટિએ પણ બરાબર સમજવું જોઈએ.

सो चिय दहप्पयारो खमादिभावेहिं सुक्खसारेहिं ।
ते पुण भणिज्जमाणा मुणियव्वा परम भत्तीए ॥ ११३ ॥

અર્થ :— તે મુનિધર્મ ક્ષમાદિ ભાવોથી દસ પ્રકારનો છે. કેવો છે તે ? સૌખ્યસાર એટલે તેનાથી સુખ થાય છે. વીતરાગનો માર્ગ સુખરૂપ છે, કંટાળો લાગે તેવો નથી. અજ્ઞાની ચારિત્રને કષ્ટરૂપ કહે છે. વેળુના કોળિયા જેવો અને મીણના દાંતે લોઢાના ચણા ચાવવા જેવો કહે છે એટલે તે ચારિત્રધર્મને-મુનિધર્મને દુઃખરૂપ કહે છે. પણ અહીં તો સુખરૂપ છે એમ કહે છે.

અરેરે ! મુનિને કાંઈ હોતું નથી, આપણને તો બધું મળે છે—એમ કહીને મુનિની દયા ખાય છે. તે મુનિનો ધર્મ જ સમજ્યો નથી. મુનિની તો ભક્તિ કરવા જેવી છે, કેમકે ચારિત્ર તો અકષાયભાવ શાંતિનો શેરડો છે. જેને એ સુખ અને શાંતિની ખબર નથી એ મુનિની દયા ખાય છે. પણ મુનિ તો સુખનો સાર છે, એનામાં સુખ છે. એવા મુનિધર્મના દસ પ્રકાર આગળ કહેવામાં આવશે. તે ધર્મો ભક્તિથી-ઉત્તમ ધર્માનુરાગથી જાણવાયોગ્ય છે. [ ક્રમશઃ ]

---

અંક નં. ૬૦૭માં ૨૩મા પેઈજમાં નીચે પ્રમાણે સુધારવું :—

* પ્રથમ લાઈનમાં 'અસત્ય' ને બદલે 'સત્ય' કરવું.

* ચોથી લાઇનમાં 'સત્યનું પોષણ છોડીને' ચેકી નાખવું.

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં પુરુષો માટે

## ✻ જૈન ધાર્મિક શિક્ષણવર્ગ ✻

સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મવિદ્યાના પ્રબળ પ્રવર્તક પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાભૂમિ શ્રી સોનગઢમાં તા. ૪-૮-૯૪ થી તા. ૨૩-૮-૯૪ સુધી વીસ દિવસના ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર નિમંત્રણ છે. શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક છે.

## વૈરાગ્ય સમાચાર :—

✻ લાઠીનિવાસી સોનગઢવાસી શ્રી મનુભાઈ ત્રિભોવનદાસ ઝવેરી (વર્ષ-૭૦) (શ્રી બાબુભાઈ ઝવેરીના લઘુબંધુ) તા. ૨૭-૫-૯૪ (વૈશાખ વદ ૩)ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેમને નાની ઉંમરથી પૂજ્ય ગુરુદેવશ્રીનો સત્સમાગમ હતો, તત્ત્વ સમજવાનો પ્રેમ પણ સારો હતો. છેલ્લે ઘણા સમયથી સોનગઢમાં નિવૃત્તિથી સત્સમાગમાર્થે અધિક સમય રહેતા હતા.

✻ સ્વ. દામોદરભાઈ વકીલનાં સુપુત્ર શ્રી જયસુખલાલભાઈ અજમેરા ઇન્દોર મુકામે તા. ૩-૬-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

✻ વઢવાણનિવાસી શ્રી હાજીભાઈ લઘરાભાઈ ડોડિયા (વર્ષ-૬૫) તા. ૧૮-૭-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

✻ કલકત્તાનિવાસી શ્રી કપૂરચંદભાઈ ત્રિભોવનદાસ વોરા (વર્ષ-૮૫) તા. ૨૯-૬-૯૪ના રોજ કલકત્તા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સરળ અને શાંત સ્વભાવી સજ્જન તથા ઘણા જ તત્ત્વરસિક હતા. પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં ઘણા વર્ષો સુધી સોનગઢમાં રહીને તત્ત્વલાભ લીધો હતો. અંતિમ સમય સુધી શાંત પરિણામે જાગૃત રહ્યા હતા.

✻ નાઇરોબીનિવાસી શ્રી કીર્તિકુમાર ઝવેરચંદ ચંદરિયા (વર્ષ-૫૨) તા. ૨૯-૬-૯૪ના રોજ નાઈરોબીમાં હૃદય બંધ પડી જવાથી એકાએક સ્વર્ગવાસ પામ્યા છે. તેમણે નાઈરોબીમાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન તેમ જ વાણીનો ભક્તિભાવથી લાભ લીધો હતો.

✻ સોનગઢનિવાસી શ્રી પ્રભુદાસ તારાચંદ કામદાર (વર્ષ-૭૭) તા. ૩૦-૬-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સોનગઢ રહીને ઘણો જ તત્ત્વ-અભ્યાસ કર્યો હતો. અંતિમ સમય સુધી જાગૃત હતા.

—સ્વર્ગસ્થ આત્માઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

[ તા. ૭-૭-૯૪ ]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો–ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર–દર્શન-પૂજા

સવારે ૮–૧૫ થી ૯–૧૫ : શ્રી પંચાસ્તિકાય પર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ–પ્રવચન

સવારે ૯–૩૦ થી ૧૦–૩૦ : પુરુષો માટે બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શ્રી પંચાધ્યાયી ઉપર શિક્ષણવર્ગ

બપોરે ૩–૩૦ થી ૪–૩૦ : શ્રી પ્રવચનસાર ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્રવાંચન

બપોરે પ્રવચન પહેલાં : પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે પ્રવચન બાદ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪–૪૫ થી ૫–૩૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૮–૦૦ થી ૯–૦૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર આધ્યાત્મિક ટેપ–પ્રવચન

* અષાઢ માસની નંદીશ્વર અષ્ટાહ્નિકા તા. ૧૫–૭–૯૪, શુક્રવારથી તા. ૨૨–૭–૯૪, શુક્રવાર—આઠ દિન સુધી શ્રી નંદીશ્વર-જિનાલયમાં પંચમેરુ–નંદીશ્વર–વિધાનપૂજાપૂર્વક તથા શ્રી વીરશાસનજયંતી ( અષાડ વદ ૧, મહાવીર–તીર્થપ્રવર્તનજયંતી ) તા. ૨૩–૭–૯૪ના રોજ 'શ્રી મહાવીર–કુંદકુંદ–પરમાગમમંદિર'માં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

* પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૧મી મંગલમય જન્મજયંતી અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં સુરેન્દ્રનગરનિવાસી શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ–પરિવાર, હા. શ્રીમતી પુષ્પાબેન રસિકલાલ શાહ દ્વારા તા. ૧૯–૮–૯૪, શુક્રવારથી તા. ૨૩–૮–૯૪, મંગળવાર—પાંચ દિવસ સુધી અતિ હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. તે આનંદકારી મંગલ અવસરની કુમકુમ નિમંત્રણપત્રિકાની લેખન-વિધિ તા. ૨૪–૭–૯૪ રવિવારના રોજ રાખવામાં આવશે.

## □ ખરેખર માહાત્મ્ય આવવું જોઈએ □

* વિકલ્પ સહિત સાધારણ મહિમા આવે તે મહિમા ન કહેવાય. અંદરથી ક્યાં રુચે છે? અંદરથી રુચે તો વીર્ય ઉછળે; એ ક્યાં ઉછળે છે? સાધારણ ધારણા અને માહાત્મ્ય તો અનંતી વાર આવ્યા, પણ ખરેખર માહાત્મ્ય આવવું જોઈએ. બાકી જ એ રહી ગયું છે ને! પહેલાં સ્વભાવનું માહાત્મ્ય આવે છે અને પછી માહાત્મ્યની ઉગ્રતા થતાં એકાગ્રતા થાય છે.

—પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ મોચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to
Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/–
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
વાર્ષિક રૂા. ૧૬૮/– પોસ્ટેજના અલગ ]

A ૧૨૨૬ શ્રી ધીરજલાલ પી. દેસાઈ પ્રોફેસર
લોકભારતી, પી. ઓ. કોલેજ,
વાયા—સોનગઢ સણોસરા—૩૬૪૨૩૦ (સૌ.)